**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=====================================================

એમ.એ. એન્ટોની ઉર્ફે અન્ટપ્પન

વિ.

કેરળ રાજ્ય

(ફોજદારી અપીલ નં. ૮૧૧/૨૦૦૯)

એપ્રિલ ૨૨, ૨૦૦૯

[ડૉ. અરિજિત પસાયત અને લોકેશ્વર સિંહ પાંટા, ન્યાયમૂર્તિ]

દંડ સંહિતા, ૧૮૬૦ – કલમો ૩૦૨, ૪૪૯, ૧૩૮૦ અને ૨૦૧ – ફરિયાદ પક્ષ – પરિસ્થિતિજન્ય પુરાવા પર આધારિત – નીચલી અદાલતો દ્વારા દોષિત ઠેરવી મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી – અપીલમાં, ઠરાવાયું: દોષારોપણ અને સજા ન્યાયસંગત – પરિસ્થિતિઓ એટલે કે પ્રેરણા, ગુનાસ્થળે આરોપીની હાજરી, પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળ મળેલ પુનઃપ્રાપ્તિ, આરોપીના માથાના વાળની પુનઃપ્રાપ્તિ, તેની ન્યાયિક તેમજ અદાલત બહારની

કબૂલાત, સાબિત થયેલ – આરોપીનું કબૂલાતી નિવેદન દંડ પ્રક્રિયા સંહિતા ની કલમ ૧૬૪(૨) ની જોગવાઈઓનું પાલન કરીને મુક્તપણે અને સ્વેચ્છાએ કરવામાં આવ્યું હતું – દંડ પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ – કલમ ૧૬૪(૨).

અપીલકર્તા–આરોપી સામે એક કુટુંબના છ સભ્યોના મૃત્યુનું કારણ બનવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કેસ પરિસ્થિતિજન્ય પુરાવા પર આધારિત હતો. ફરિયાદ પક્ષે જે પરિસ્થિતિઓનો આધાર લીધો હતો તે આ મુજબ હતા: (૧) હેતુ, (૨) ઘટનાની તારીખે ગુનાસ્થળે આરોપીની હાજરી; (૩) ઘટનાની તારીખની રાત્રે આરોપી પોતાની રહેઠાણ જગ્યાએ હાજર ન હોવો; (૪) પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળ કપડાંની વસૂલાત; (૫) મૃતકના ઘરમાંથી મળેલા આરોપીના આંગળીના નિશાન; (૬) આરોપીના માથાના વાળની વસૂલાત; (૭) તેનું ન્યાયિક તેમજ અદાલતબાહ્ય કબૂલાત. નીચલી અદાલતે આરોપીને આઈ.પી.સી.ની કલમો ૩૦૨, ૪૪૯, ૩૮૦ અને ૨૦૧ હેઠળ દોષિત ઠેરવી તેને મૃત્યુદંડની સજા ફટકારી હતી. દોષારોપણ અને સજાની પુષ્ટિ વડી અદાલતે કરી હતી. તેથી હાલની અપીલ.

ઠરાવેલ: ૧.૧ અપીલકર્તાને નાણાંની અતિશય જરૂરિયાત હતી, જે ફરિયાદપક્ષના સાહેદ–૬૭ ની સાક્ષીથી સ્થાપિત થાય છે. તેને ખબર હતી કે તેનો વિઝા આવી ગયો હતો અને તે માટે મોટી રકમની જરૂર હતી. ફરિયાદપક્ષના સાહેદ–૧૯ ના નિવેદન મુજબ તેણે ધિરાણની વ્યવસ્થા કરવાનો પણ પ્રયાસ

કર્યો હતો. ફરિયાદપક્ષના સાહેદ–૨૩ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૪ (આરોપીના ધિરાણદારો, જેઓને તેણે પોતાનું દેવું પરત ચૂકવ્યું હતું) ના નિવેદનો પરથી દેવાની રકમની ચૂકવણીનો તથ્ય સ્પષ્ટપણે સાબિત થાય છે. આરોપી/અપીલકર્તા, જેને નાણાંની જરૂરિયાત હતી અને જેના પાસે નાણાં ન હતાં, તેની પાસે પોતાના દેવા ચૂકવવા તેમજ ફરિયાદપક્ષના સાહેદ–૬૭ ને ચુકવણી કરવા અને પોતાના ટિકિટ ભાડા તથા અન્ય ખર્ચા ચૂકવવા માટે વધારાની રકમ ઉપલબ્ધ હતી. ફરિયાદપક્ષના સાહેદ–૨૩ એ પોતાની રકમની માંગ પણ કરી નહોતી, તેમ છતાં અપીલકર્તાએ પોતાનું દેવું સમાપ્ત કરવાનું પસંદ કર્યું, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે અપીલકર્તાની મનશા ગેરરીતે પ્રાપ્ત થયેલ નાણાંમાંથી છુટકારો મેળવવાની હતી. [પરિછેદ ૧૧] [૮૪૮–એફ–એચ; ૮૪૯–એ–બી]

૧.૨. આરોપી મુજબ, મૃતકના ઘરમાં રોકડ રકમ અને દાગીનાની મોટી માત્રા ઉપલબ્ધ હતી, જે તે પોતાના સાથે લઈ જઈ શક્યો હોત. આ દલીલ નીચલી અદાલતો દ્વારા ખોટી હોવાનું ઠરાવવામાં આવી છે. નીચલી અદાલતે આ હકીકત તરફ ધ્યાન દોર્યું છે કે દાગીના અને રોકડ છુપાવેલી સ્થિતિમાં પડેલા હતા અને તેથી તેમની હાજરી અંગેનું જ્ઞાન અપીલકર્તાને આરોપિત કરી શકાય તેમ નથી. [પેરા ૧૨) [૮૪૯–સી–ડી]

૧.૩. ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૩૧૩ હેઠળ હેઠળ નિવેદન

નોંધવાની અવસ્થાએ આરોપી અન્ય એક ખુલાસા સાથે આવ્યો હતો કે મૃતકોમાંથી એકે તેને રૂપિયા ૩૫૦૦૦/- ચૂકવ્યા હતા. તે મૃતકની દુકાનમાં હાજર હતો અને તેને જણાવેલ રકમ આપવામાં આવી હતી તે દર્શાવવા માટે કોઈપણ પુરાવો જ રજૂ કરવામાં આવ્યો નથી. વધુમાં, ફરિયાદપક્ષના સાહેદ-૧૯ (અપીલકર્તાની પત્ની) એ એવું જણાવ્યું નથી કે કોઈપણ તબક્કે તેના પતિએ તેને એવું કહ્યું હતું કે તેને મૃતક પાસેથી રૂ. ૩૫,૦૦૦/- ની રકમ પ્રાપ્ત થઈ હતી. નીચલી અદાલત અને વડી અદાલત બન્નેએ તે બાબત અમાન્ય રાખેલ છે. [પેરા ૧૩] [૮૪૯-ઈ-એફ]

૨.૧ ફરિયાદપક્ષના સાહેદ-૩૮ આરોપીય અપીલકર્તાને ઘટનાના દિવસે, એટલે કે ૬.૧.૨૦૦૧ના રોજ, સાંજે ૭.૦૦ વાગ્યે ઘરમાં દાખલ થતાં જોયેલ. ઘરના અંદર તેની હાજરીને અન્ય પરિબળો દ્વારા પણ આધાર મળે છે, એટલે કે: (૧) તેના આંગળીછાપોની હાજરી (ફરિયાદપક્ષના સાહેદ-૬ અને ફરિયાદપક્ષના સાહેદ-૭); (૨) મૃતકના શરીર પર વાળની હાજરી (ફરિયાદપક્ષના સાહેદ-૫૧, ફરિયાદપક્ષના સાહેદ-૫૩ અને ફરિયાદપક્ષના સાહેદ-૬૧); અને (૩) આરોપી/અપીલકર્તા પોતાના ઘરમાં હાજર ન હોવો. (ફરિયાદપક્ષના સાહેદ-૧૯). [પરિચ્છેદ ૧૫) (૮૪૯-જી-એચ; ૮૫૦-એ-બી)]

૨.૨. ફરિયાદપક્ષના સાહેદ-૧૭ એ ૭.૧.૨૦૦૧ના રોજ સવારે ૫.૪૫ વાગ્યે અપીલકર્તાને મૃતકના ઘરમાંથી બહાર આવતા જોયા હતા. આ પુરાવા પર

બંને અદાલતોએ વિશ્વાસ મૂક્યો છે અને જિરહથી સાક્ષ્યને અવિશ્વસનીય બનાવવામાં આવ્યું નથી. આ પક્ષકારોનો સ્વીકૃત કેસ છે. ફરિયાદપક્ષના સાહેદ–૧૯, જે આરોપીની પત્ની છે, તેમજ આરોપી/અપીલકર્તાએ પોતે પણ પોતાના ઘરમાંથી પોતાની ગેરહાજરી સ્વીકારી છે. [પેરા ૧૬ અને ૧૭] (૮૫૦–બી–ડી]

૨.૩. અપીલકર્તાએ આપેલું નાટકીય સમજૂતીરૂપ નિવેદન કે તે લગભગ ૩૫ કિ.મી. દૂર આવેલા સ્થળે જઈ રહ્યો હતો, ઓટો ડ્રાઈવરે તેના પૈસા છીનવી લેવાનો પ્રયત્ન કર્યો અને તેથી તે ભાગી ગયો તથા આખી રાત એક જર્જરિત મકાનમાં રહ્યો હતો, તે નીચલી અદાલતોએ યોગ્ય રીતે નામંજૂર કર્યું છે. જો તે દર્શાવેલ સ્થળે હતો, જે સ્વીકાર્ય રીતે ઘટનાસ્થળથી ૩૫ કિ.મી. દૂર છે, તો તેને ૭.૧.૨૦૦૧ના રોજ વહેલી સવારે એટલે કે ૫.૪૫ વાગ્યે ઘટનાસ્થળે જોવામાં આવ્યો હોઈ શકે નહીં. (પરા ૧૮) (૮૫૦–ડી–ઈ)

૩. ફરિયાદપક્ષના સાહેદ–૫૯ ૧૦ દ્વારા પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળના નિવેદનના તથ્યને સમર્થન આપવામાં આવ્યું છે. વસૂલાતના બનાવના સાક્ષી તરીકે ફરિયાદપક્ષના સાહેદ–૬૮ અને ફરિયાદપક્ષના સાહેદ–૭૨ રહ્યા છે. વધુમાં, સી.બી.આઈ.ના ૧૦, ફરિયાદપક્ષના સાહેદ–૭૭ એ પણ વસૂલાતો તથા પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળના નિવેદનને સમર્થન આપ્યું છે. ફરિયાદપક્ષના સાહેદ–૭૭ એ તપાસ સંબંધિત એક પ્રશ્નના જવાબમાં એવું જણાવ્યું હતું કે તપાસમાંથી માત્ર રૂમાલ અને મોજાં જ વસૂલ થયાં હોવાનું બહાર

આવ્યું હતું, તે આધારે બચાવ પક્ષે વસૂલાતોને અવિશ્વસનીય ઠેરવવાનો જે પ્રયત્ન કર્યો છે, તે પહેલેથી જ ફરિયાદપક્ષના સાહેદ–૬૮ અને ફરિયાદપક્ષના સાહેદ–૭૩ દ્વારા સમર્થિત વાસ્તવિક વસૂલાતના તથ્યને અવગણે છે. [પેરા ૧૯ અને ૨૦] [૮૫૦–એફ–એચ; ૮૫૧–એ]

૪. ફરિયાદપક્ષના સાહેદ–૬, ફોટોગ્રાફરે આંગળીના નિશાન ઉપાડ્યા હતા અને ફરિયાદપક્ષના સાહેદ–૭, આંગળીના નિશાનના નિષ્ણાતે તે તેમની સાથે મેળ ખાતા હોવાનું નિર્ધારિત કર્યું હતું. બચાવ પક્ષે તેનો ગંભીરતાપૂર્વક ઇનકાર કર્યો નથી, પરંતુ તે વ્યક્તિ વારંવાર આવતો જતો મુલાકાતી હતો એવું કહી તેની સમજણ આપવાનો પ્રયત્ન કર્યો છે. [પેરા ૨૧] [૮૫૧–એ–બી]

૫.૧. ફરિયાદપક્ષના સાહેદ૫૧–સબ–ઈન્સ્પેક્ટરે વાળ કબજે કર્યા હતા અને પછી વાળ ધરાવતા કન્ટેનરોને અલગ પેકેટમાં સીલ કરવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષના સાહેદ૫૩ એ કબજે કરાયેલા વાળની નમૂના વાળ સાથે તપાસ કરી હતી અને તે મેળ ખાતા હોવાનું નિર્ધારિત કર્યું હતું. ફરિયાદપક્ષના સાહેદ૬૦ ડૉક્ટરે નમૂનો એકત્ર કર્યો હતો. [પેરા ૨૨) [૮૫૧–૮–સી)

૫.૨. નોંધપોથી પરનો પુરાવો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે વાળ અલગ અલગ પાત્રોમાં રાખવામાં આવ્યા હતા અને આ પાત્રોને બાદમાં એક પેકેટમાં સીલ કરવામાં આવ્યા હતા. પાત્રો પોતે સીલ કરવામાં આવ્યા ન હતા. પરંતુ, કારણ કે તે સીલ કરાયેલા પેકેટમાં રાખવામાં આવ્યા હતા, તેથી કોઈ પણ પ્રકારની છેડછાડ થવાની કોઈ શક્યતા નહોતી. [પેરા ૨૩) [૮૫૧–ડી]

૬.૧. કબૂલાતી નિવેદનને ફરિયાદપક્ષના સાહેદ–૬૫, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા સમર્થન મળેલું છે. ફરિયાદપક્ષના સાહેદ–૭૭, ૧૦ એ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે અપીલકર્તા કેરળ રાજ્યની બહાર કબૂલાત કરવા ઈચ્છતો હતો. બચાવ પક્ષે નીચેના આધાર પર તેનો પ્રહાર કર્યો હતો: (૧) તે યાતનાનું પરિણામ હતું અને તેને પાછું ખેંચવામાં આવ્યું હતું. (૨) દંડ પ્રક્રિયા સંહિતાની કલમો ૧૬૪(૪) અને ૧૬૪(૨)નું પાલન કરવામાં આવ્યું નથી. (૩) સ્થાનિક મેજિસ્ટ્રેટને જાણ કરવામાં આવી ન હતી. ઉપરોક્ત કોઈપણ રજૂઆતો ટકાઉ નથી. દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૩૧૩ હેઠળના નિવેદનના તબક્કા સિવાય કબૂલાત પાછી ખેંચવામાં આવી ન હતી. મેજિસ્ટ્રેટ સમક્ષ યાતનાની કોઈ ફરિયાદ કરવામાં આવી નહોતી, તેમજ ફરિયાદપક્ષના સાહેદ–૫૯ અથવા ફરિયાદપક્ષના સાહેદ–૭૭ પૈકી કોઈને પણ પ્રતિપૃચ્છામાં યાતનાનો સૂચન કરવામાં આવ્યો નહોતો. [પેરા ૨૪ અને ૨૫) [૮૫૧–ઈ–એચ; ૮૫૨–એ]

૬.૨. કબૂલાત નોંધતાં પહેલાં મેજિસ્ટ્રેટ દ્વારા કલમ ૧૬૪(૨) હેઠળ જરૂરી બધી સાવચેતીઓ લેવામાં આવેલ, તેણીએ આરોપી–અપીલકર્તાને વિચાર કરવા માટે સમય આપ્યો છે. બીજું, તેણીએ આરોપીને એ બાબતે પણ ચેતવણી આપી હતી કે પુરાવામાં તેના દ્વારા કહેલી કોઈપણ વાત પછીથી તેના વિરુદ્ધ ઉપયોગમાં લેવામાં આવી શકે છે અને તે પુરાવો આપવા માટે બંધાયેલો નહોતો. બચાવ પક્ષનું એ રજૂઆત કે મેજિસ્ટ્રેટે ‘કબૂલાત’ના સ્થાને ‘પુરાવો’ શબ્દનો ઉપયોગ કર્યો હતો અને તેથી કલમ ૧૬૪(૨)નું પાલન થયું નહોતું, તે અતિ–

તકનિકી છે. મેજિસ્ટ્રેટે નિવેદનમાં નોંધ્યું છે કે તેણીએ વૈધાનિક ચેતવણી અને વૈધાનિક સલાહ આપી હતી કે તે નિવેદન કરવા માટે બંધાયેલો નહોતો. આ મામલે ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૪૬૩ યોગ્ય રીતે લાગુ કરવામાં આવી છે. કલમ ૧૬૪(૨)ની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન થયું છે અને જામીન પર રહેલા આરોપી દ્વારા મુક્તપણે અને સ્વૈચ્છિક રીતે કરાયેલ કબૂલાતમય નિવેદન માત્ર એટલા કારણે નામંજૂર કરી શકાય નહીં કે આરોપીને ચેતવણી આપતી વખતે મેજિસ્ટ્રેટે 'કબૂલાત'ના સ્થાને 'પુરાવો' શબ્દપ્રયોગ કર્યો હતો. [પરિછેદ ૨૬ અને ૨૮] [૮૫૨–બી–સી; એચ; ૮૫૩–એ]

સ્ટેટ ઑફ યુપી વિ. સિંઘારા સિંહ એ.આઈ.આર. ૧૯૬૪ એસસી ૩૫૮, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

૬.૩. અપીલકર્તાને ૨૫.૧.૨૦૦૨ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો અને તેણે તારીખ ૯.૧૦.૨૦૦૨ના રોજ કબૂલાતનામું આપ્યું હતું. આથી, જ્યારે તેણે કબૂલાતનું નિવેદન આપ્યું હતું, ત્યારે તે સ્વતંત્ર વ્યક્તિ હતો. વધુમાં, આરોપીએ તેના ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૩૧૩ હેઠળના નિવેદનમાં અથવા પ્રતિપૃચ્છા દરમિયાન, ફરિયાદપક્ષના સાહેદ– ૬૫ દ્વારા ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૪ હેઠળ નોંધાયેલ નિવેદન ખોટું હતું એવી સૂચના કરી નથી. [પરિછેદ ૨૯] [૮૫૩–બી–સી]

૭. ફરિયાદપક્ષના સાહેદ–૬૦, ડોક્ટરે વધારાની– ના મામલે સમર્થન આપ્યું છે ન્યાયિક કબૂલાત (આંક પી–૪૮), જેમાં ઈજાનો ઈતિહાસ નોંધાયો છે

અને ઉપરોક્ત કબૂલાત પણ નોંધાઈ છે. સ્વતંત્ર સાક્ષી ફરિયાદપક્ષના સાહેદ ૬૦ દ્વારા આપેલ નિવેદન નીચલી બન્ને અદાલતોએ સ્વીકાર્યું છે. તેણીએ પોતાની સરતપાસમાં જણાવ્યું છે કે, તેણીએ આરોપીને ડીવાયએસપીની વિનંતી પર તપાસેલ. નિવેદન નોંધવામાં આવ્યું ત્યારે ડીવાયએસપી (ફરિયાદપક્ષના સાહેદ–૫૯) હાજર હતો તે દર્શાવતી કોઇ માહિતી નથી. ડીવાયએસપી (ફરિયાદપક્ષના સાહેદ–૫૯) એ એવું જણાવતા નથી કે તેઓ આરોપીને ડૉક્ટરના ઘરે સાથે લઈ ગયા હતા. બીજું, નોંધપોથી પર એવો કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી તથા ફરિયાદપક્ષના સાહેદ–૬૦ને એવો કોઈ સૂચન પણ કરવામાં આવ્યો નથી કે જ્યારે તેણીએ ઉક્ત કબૂલાતનામું નોંધ્યું હતું, ત્યારે આરોપી–અપીલકર્તા સાથે કોઈ પોલીસ વ્યક્તિ હાજર હતી. તેથી, બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી આ ટીકા કે ઉક્ત નિવેદન સ્વીકારવા યોગ્ય નથી કારણ કે તે પોલીસ અધિકારીઓની હાજરીમાં નોંધવામાં આવ્યું છે, તે નોંધપોથી પર ઉપલબ્ધ કોઈપણ સામગ્રી વિના છે. [પેરા ૩૦] (૮૫૩–ડી–એફ]

પ્રકરણ કાયદા સંદર્ભ:

એ.આઈ.આર. ૧૯૬૪ એસ.સી. ૩૫૮ ઉલ્લેખિત–પેરા ૨૭

ફોજદારી અપીલ ક્ષેત્રાધિકાર:

ફોજદારી અપીલ નં. ૮૧૧/૨૦૦૯.

તા.૧૮.૦૯.૨૦૦૬ના કેરળની એરણાકુલમ સ્થિત વડી અદાલતના મોતની સજાના સંદર્ભ નં. ૫/૨૦૦૫ અને ફોજદારી અપીલ નં.૩૮૫/૨૦૦૫ માં આપેલ ચુકાદા અને આદેશમાંથી.

કે.વી. વિશ્વનાથન, એમ. ગિરીશ કુમાર, રાજીવ નામ્બીસન, બી. રઘુનાથ અને ખ્વૈરાકપમ નોબિન સિંહ અપીલકર્તાઓ તરફથી.

સામાવાળાઓ તરફે અમરેન્દ્ર શરણ, એ.એસ.જી., આર. સતીશ, અમિત આનંદ તિવારી, પી. પરમેશ્વરન

.

અદાલતનો ચુકાદો નીચે મુજબ પ્રગટ કરવામાં આવ્યો હતો

ડૉ. અરિજિત પસાયત, ન્યાયમૂર્તિ

૧. અનુમતિ મંજૂર કરવામાં આવે છે.

૨. આ અપીલમાં પડકાર કેરળ વડી અદાલતની વિભાગીય ખંડપીઠ દ્વારા આપવામાં આવેલા તે ચુકાદાને છે, જેમાં અપીલકર્તાની કલમ ૪૪૯, ૩૭૯, ૩૮૦ હેઠળ દંડનીય ગુનાઓ બાબતે થયેલી દોષિતતા યથાવત રાખવામાં આવી હતી, અને અનુક્રમે કલમ ૪૪૯, ૩૮૦ અને ૨૦૧ સાથે સંબંધિત ગુનાઓ બદલ આજીવન કારાવાસ, દસ વર્ષની કઠોર કેદ અને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ભારતીય દંડ સંહિતા હેઠળ

કલમ ૩૭૯ સાથે સંબંધિત ગુના બદલ કોઈ અલગ સજા ફટકારવામાં આવી નહોતી. મૃત્યુદંડની પુષ્ટિ માટે દંડ પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ (સંક્ષેપમાં 'સંહિતા') ની કલમ ૩૬૬ (૧) હેઠળ વડી અદાલતને રેફરન્સ મોકલવામાં આવ્યો હતો. અપીલકર્તાએ પણ અપીલ દાખલ કરી હતી અને આક્ષેપિત ચુકાદા દ્વારા મૃત્યુદંડ રેફરન્સ તથા ફોજદારી અપીલ બંનેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

૩. અપીલકર્તા વિરુદ્ધ સારરૂપે આક્ષેપો નીચે મુજબ છે:

વર્ષ ૨૦૦૧ના ૬મી અને ૭મી જાન્યુઆરીની મધ્યરાત્રિએ, જ્યારે કેરળ રાજ્યના એરનાકુલમ જિલ્લામાં આવેલા અલુવા મ્યુનિસિપલ ટાઉનના નિવાસીઓ ઘેરી નિંદ્રામાં હતા, ત્યારે નગરના મધ્ય ભાગે આવેલું મંજુરાન હાઉસ ભયાનક ગુનાનું સ્થળ બન્યું. મંજુરાન હાઉસના એક જ કુટુંબના છ સભ્યોએ ત્રણ કલાકના ગાળામાં પોતાના પ્રાણ ગુમાવ્યા. અહીંના અપીલકર્તા એન્ટોની @ એન્ટાપ્પન વિદેશમાં વધુ સારા અવસરની શોધમાં જવા ઈચ્છતો હતો, જેના માટે તેને નાણાંની જરૂર હતી; પરંતુ મંજુરાન પરિવારના સભ્યો દ્વારા તેને નાણાં આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો, અને તેથી ફરિયાદ પક્ષના વર્ણન અનુસાર તેણે ૬.૧.૨૦૦૧ની રાત્રે આશરે ૧૦ વાગ્યે કોચુરાની અને ક્લારાની છરી, કુહાડી તથા વિજપ્રહારે અને ગળું દબાવી હત્યા કરી હતી, અને મધરાત્રિએ

ઓગસ્ટિન, તેની પત્ની મેરી અને તેમના સંતાનો ઓઇવ્યા તથા જેસ્મોનની હત્યા કરી હતી. રાત્રે ૧૦ વાગ્યે જીવનથી પરિપૂર્ણ મંજુરાન હાઉસ મધરાત્રિના ઘડિયાળ વાગતાં જ કબ્રસ્તાન સમાન બની ગયું. કોચુરાની અને ક્લારાના મોત નિપજાવ્યા પછી અપીલકર્તાએ ફિલ્મ જોવા ગયેલા પરિવારના અન્ય ચાર સભ્યોના આગમનની રાહ જોઈ હતી એવું કહેવાય છે. તેમના પરત આવતાં તેણે તેમને પણ મૃતદેહોમાં ફેરવી દીધા. તે તેમની આવવાની રાહ જોઈને તેમને મારી નાખવા ઈચ્છતો હતો, કારણ કે તેને ખબર હતી કે તેના દ્વારા અગાઉ કરવામાં આવેલા બે હત્યાઓ બાબતે તેમના દ્વારા તેના પર શંકા કરાશે, કારણ કે તેઓ ફિલ્મ જોવા માટે ઘર છોડીને ગયા ત્યારે તે ઘરે હાજર હતો. ફરિયાદ પક્ષનો આક્ષેપ છે કે આ બધી હત્યાઓ ઠંડા કલેજે, પૂર્વયોજિત રીતે અને ચોકસાઈથી અમલમાં મૂકવામાં આવી હતી અને અપીલકર્તાએ ઘટના સ્થળ છોડતાં પહેલાં તેમની અંદર જીવનનો કોઈ અંશ શેષ ન રહે તે સુનિશ્ચિત કર્યું હતું. જ્યારે અને વિચારણાની માંગ કરી હતી.

૪. ઉપર નોંધ્યા મુજબ નીચલી અદાલતે આરોપીને દોષિત ઠરાવ્યો.

૫. કાયદાની પ્રક્રિયા નીચે મુજબ પ્રારંભમાં મૂકવામાં આવી હતી:

જોઝેફ @ રાજન દ્વારા તા. ૭.૧.૨૦૦૧ના રોજ રાત્રે ૧૧.૩૦ વાગ્યે

એર્નાકુલમ જિલ્લાની અલુવા પોલીસ સ્ટેશનને માહિતી આપવામાં આવી હતી કે તેની બહેન, બહેનાઈ અને તેમના બાળકોની મંજૂરન હાઉસની અંદર, જ્યાં તેના બહેનાઈ ઓગસ્ટીન @ બેબી, બહેન મેરી @ બેબી, બાળકો દિવ્યામોલ અને જેસ્મોન, બહેનાઈની બહેન રાની (કોચુરાની) અને માતા રાહેલ એક કુટુંબ તરીકે રહેતા હતા, ત્યાં ૬.૧.૨૦૦૧ના સાંજે ૬ વાગ્યાથી ૭.૧.૨૦૦૧ના રાત્રે ૧૦ વાગ્યા વચ્ચે ક્યારેક કોઈક વ્યક્તિ દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેણે આ બાબતમાં કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન.વી. જોન દ્વારા નોંધવામાં આવેલી પ્રથમ માહિતી, આંક પી–૧માં, માહિતીદાતા જોઝેફે જણાવ્યું હતું કે તે જાણ કરવા આવ્યો છે કે કોઈક વ્યક્તિએ અલુવામાં આવેલા તેમના નિવાસસ્થાને તેની બહેન મેરી, બહેનાઈ ઓગસ્ટીન તથા તેમના બાળકો દિવ્યામોલ અને જેસ્મોનની હત્યા કરી છે. તે ખ્રિસ્તી સમાજનો છે અને પોતાના પિતા, માતા, પત્ની અને બાળકો સાથે રહે છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે ત્યાં સ્ટેશનરીની દુકાન ચલાવતો હતો અને તેની બહેન મેરીનું મંજૂરન હાઉસના ઓગસ્ટીન સાથે લગ્ન થયેલા હતા. તેના બહેનાઈ અલુવામાં હાર્ડવેરની દુકાન ચલાવતા હતા. બંને બાળકો શાળાએ જતા હતા. તા. ૬.૧.૨૦૦૧ના રોજ તેની બહેન તેના બીમાર પિતાને હોસ્પિટલ લઈ જવા માટે ઘરે આવી હતી. તેની બહેને તેને કહ્યું હતું કે તા. ૭.૧.૨૦૦૧ના રોજ સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં તે તેમની સાથે રહેવા

આવશે, કારણ કે તેની પત્ની તેના પિયરના ઘરે જવાની હતી. શનિવારે સવારે તેની પત્ની પોતાના ઘરે ગઈ હતી. તે સમયે તેની બહેન લિઝી ઘરમાં હતી. બેબી આવવા માંગતી હતી, કારણ કે લિઝીને પોતાના ઘરે જવાનું હતું. તેની બહેન ૧૦ વાગ્યા પછી પણ દેખાઈ ન હોવાથી, તેણે ફોન પર તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ફોનની ઘંટડી વાગતી હોવા છતાં, કોઈએ ફોન ઉપાડ્યો નહોતો. બપોરે અંદાજે ૨ વાગ્યે તેણે નીરિકોડના જોસેને ફોન કરીને પૂછપરછ કરવા કહ્યું, કારણ કે તેની બહેનના ઘરે કોઈ ફોનનો જવાબ આપતું નહોતું. થોડા સમય પછી જોસેએ ફોન પર જાણ કરી હતી કે જ્યારે તેણે પોતાના મોટાભાઈ જોસેના પુત્રને તેની બહેનના ઘરે મોકલ્યો ત્યારે ક્રિસ્ટુ જયન્થી ૨૦૦૦ સાથે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લેવા તે ગઈ હશે એવું માનીને, તેઓએ રાત્રે ૮ વાગ્યા સુધી રાહ જોઈ અને ત્યારબાદ ફરી ફોન પર જોસેનો સંપર્ક કરી તેને ફરીથી પૂછપરછ કરવા વિનંતી કરી. થોડા સમય પછી, જોસેનો પાછો ફોન આવ્યો અને તેણે જણાવ્યું કે સેબાસ્ટિયને તેને જાણ કરી હતી કે તેની બહેન અને બનેવી બંને ક્યાંય દેખાયા નથી. તેમની હાજરી ક્યાં છે તે જાણવા માટે, તે પોતાના બનેવી સની સાથે રાત્રે અંદાજે ૧૦ વાગ્યે પોતાની બહેનના ઘરે આવ્યો. વાહન આંગણામાં ઉપલબ્ધ હતું. ઓટલામાં પ્રકાશ નહોતો. ત્યારબાદ તે બેઠકોના ભાગમાં પ્રવેશ્યો અને દરવાજા પર ઠોકર મારવા પડદો ઉંચક્યો, ત્યારે તેણે જોયું કે એક દરવાજો

ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જ્યારે તેણે ટોર્ચ પ્રગટાવી, ત્યારે તરત જ તેણે પોતાની બહેનના પુત્ર જેસ્મોનના પગ જોયા. તે જમીન પર પડેલો હતો. તેના શરીરના નજીક લોહીના ડાઘ હતા. જોડાયેલા ખંડમાં તેણે દિવ્યમોલના પગ જોયા; જે છાતી નીચે કરીને પડેલી હતી; તેની બહેન માથું નીચે રાખીને બેઠેલી સ્થિતિમાં હતી અને તેની બાજુમાં તેનો બનેવી પીઠ પર પડેલો હતો. તેણે બોલાવતાં કોઈ પ્રતિસાદ મળ્યો નહીં. તેઓ મૃત જણાતા હતા. તરત જ તેઓ ઘરની બહાર આવ્યા અને તેના કઝિન જોસેના ઘરે જઈ તેને જાણ કરી. જોસેએ રોબિનને બોલાવ્યો અને તેઓ બધા રોબિનની કારમાં સ્ટેશન પર ગયા. તેની બહેન, બનેવી અને તેમના બાળકો સિવાય, તેના બનેવીની માતા અને બહેન પણ તેમની સાથે રહેતા હતા. તેમના વિષે શું બન્યું હતું તેની તેને જાણ નહોતી. તેઓ ત્યાં દેખાયા નહોતા. તેના બનેવી, બહેન અને તેમના બાળકોના કપડાં એ જ હતા જે તેઓ બહાર જતાં વખતે સામાન્ય રીતે પહેરતા હતા. તેના બનેવી પર કોઈ આર્થિક બાકીદારી નહોતી. જ્યારે તેના બનેવીએ નવું ઘર બાંધવા માટે પાયો નાખ્યો હતો, ત્યારે તેના કુટુંબ સાથે તેનો એક કેસ હતો અને તેની બહેનના જણાવ્યા મુજબ, તેના ચુકાદાની તેઓ નજીકના ભવિષ્યમાં અપેક્ષા રાખતા હતા. તેના બનેવી અને તેના મોટાભાઈઓ વચ્ચે તેમની મિલ્કત અંગે વિવાદ હતો. તેના બનેવીના બહારના કોઈ શત્રુઓ વિશે તે અવગત નહોતો. ઘરના ઓટલામાં સવારનું અખબાર અને દૂધ પડેલું હતું.

આ ઘટના ૬.૧.૨૦૦૧ના સાંજે ૬ વાગ્યાથી ૭.૧.૨૦૦૧ના રાત્રે ૧૦ વાગ્યા વચ્ચે બની હતી.

૭.૧.૨૦૦૧ના રોજ રાત્રે અંદાજે ૯ વાગ્યાથી ૧૦ વાગ્યા દરમિયાન અને તે જ દિવસે રાત્રે ૧૧.૩૦ વાગ્યે આ બાબતની પોલીસને જાણ કરવામાં આવી હતી.

કોઈ પ્રત્યક્ષ પુરાવો ન હોવાથી ફરિયાદ પક્ષે આરોપી ઉપર દોષારોપણ સ્થિર કરવા માટે પરિસ્થિતિજન્ય પુરાવા પર આધાર રાખ્યો. તે મુજબ, દોષિત ઠરાવ નોંધવામાં આવ્યો હતો. વડી અદાલતે ફરમાવેલ દોષિત ઠરાવ અને સજા યથાવત રાખી હતી.

૭. અપીલના સમર્થનમાં, અપીલકર્તા તરફથી વિદ્વાન વકીલે અપીલકર્તાએ રજૂ કર્યું કે આ પરિસ્થિતિજન્ય પુરાવાનો કેસ હોવાથી ફરિયાદ પક્ષે એ દર્શાવવું આવશ્યક હતું કે પરિસ્થિતિઓની સાંકળ એટલી સંપૂર્ણ હતી કે તે ગુનાનો કર્તા કોઈ અન્ય વ્યક્તિ હોવાની દૂરસ્ત શક્યતા પણ બાકાત રાખે. એવું રજૂ કરવામાં આવ્યું કે તેમાં અનેક ગુમ થયેલી કડીઓ છે અને અપીલકર્તા દ્વારા આપવામાં આવેલ સમજાવટનો યોગ્ય દષ્ટિકોણથી વિચાર કરવામાં આવ્યો નથી.

૮. બીજી તરફ, સામાવાળા–રાજ્ય તરફથી હાજર વિદ્વાન વકીલે વડી

અદાલતના ચુકાદાને સમર્થન આપ્યું.

૯. એ નોંધવું જરૂરી છે કે નીચે મુજબના પરિબળો હતા, જે ફરિયાદ પક્ષ દ્વારા સેવામાં લેવામાં આવ્યા હતા.

(એ) હેતુ;

(બી) તારીખ ૬.૧.૨૦૦૧ના રોજ આરોપી/અપીલકર્તાની હાજરી;

(સી) ઘટના સ્થળે ૭.૧.૨૦૦૧ ના પ્રાતઃકાળના પ્રારંભિક કલાકોમાં હાજરી;

(ડી) ૬–૭ જાન્યુઆરી, ૨૦૦૧ ની રાત્રે નિવાસસ્થાનેથી ગેરહાજરી;

(ઈ) ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૨૭ હેઠળ કપડાંની પુનઃપ્રાપ્તિ (સંક્ષેપમાં 'પુરાવા અધિનિયમ');

(એફ) આંગળીનાં નિશાન;

(જી) આરોપી–અપીલકર્તાના માથાના વાળની રિકવરી;

(એચ) ન્યાયિક કબુલાત

(આઇ) ન્યાયેતર કબૂલાત

૧૦. આરોપી–અપીલકર્તાનો મૂળભૂત અભિપ્રાય નીચે મુજબ છે:

(એ) પોલીસ દ્વારા તપાસની દિશાનો જ્ઞાતપૂર્વક અનુસરણ કરવામાં આવ્યો નથી અને પોલીસ દ્વારા કડીઓ ચૂકી જવામાં આવી છે – જે અપીલકર્તાની નિર્દોષતા દર્શાવી હોત:

પ્રકરણના અભિલેખોમાંથી પ્રગટ થાય છે કે શરૂઆતથી જ એવી કોઈ પરિસ્થિતિઓ નથી જે સ્પષ્ટપણે દર્શાવે કે આરોપી ગુનામાં સંકળાયેલો હતો. તેમ છતાં, તપાસ એજન્સી દ્વારા તપાસની આ દિશાને આગળ વધારવામાં આવી નહોતી. કોઈ અજાણી કારણસર તેઓ દર્શાવવા માંગતા હતા કે કેસ ઉકેલાઈ ગયો છે અને તે પ્રક્રિયામાં અપીલકર્તાને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે.

(બી) કોચુરાણીના જનનાંગના વાળ અને યોનિ સ્વેબમાં શુક્રાણુઓની હાજરી:

ફરિયાદ પક્ષના સાક્ષી–૫૩ના પુરાવામાં આવ્યું છે કે જાંઘમૂળના વાળ અને યોનિ સ્વેબમાં માનવીય શુક્રાણુઓ મળી આવ્યા હતા. આ સ્વેબોને અપીલકર્તાના રક્તના નમૂનાઓ લીધા પછી ડી.એન.એ. પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આંક ૯૦ તા. ૨૭.૧૨.૨૦૦૨ દ્વારા પુરુષ ડી.એન.એ.ના સ્ત્રોત તરીકે અપીલકર્તાને સંપૂર્ણપણે નિર્દોષ ઠેરવવામાં આવ્યો હતો.

કોચુરાણીના મૃતદેહ પર તૈયાર કરવામાં આવેલા પંચનામા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે તેનું સ્કર્ટ ઉપર સરકાયેલું હતું અને ગુપ્તાંગોમાં સફેદ પ્રવાહી મળ્યું હતું. તે તાજો શારીરિક સંબંધ હતો. તપાસની તે દિશાનો અનુસરણ કરતી વખતે ફરિયાદ પક્ષ તેને સમજાવીને નકારી કાઢવાનો પ્રયાસ કરે છે એવું કહીને કે તે જૂનો સંમતિથી થયેલો સહવાસ હોઈ શકે. આ બાબત ભૂલીને કે જો તે જૂનો સહવાસ હોત, તો

એટલા ઘણા દિવસો પછી પ્યુબિક વાળમાં ડાઘો ઉપલબ્ધ ન હોત.

બીજી તપાસ જે ઇરાદાપૂર્વક હાથ ધરવામાં આવી નથી તે છે ઘરની અંદર ઓછામાં ઓછા ૧૦ પગના નિશાન લોહીથી ખરડાયેલા હોવાની ઘટના. ફરિયાદ પક્ષ દ્વારા એવો તર્ક રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે કોઈપણ નિષ્કર્ષે પહોંચવા માટે પગલાંના નિશાન પૂરતા સ્પષ્ટ નહોતાં. હકીકતમાં, આ પાસાથી ઉગરી જવા માટે તેઓ એવો દાવો કરે છે કે આરોપીએ મોજાં પહેર્યા હતા અને તેમ પણ દર્શાવે છે જાણે મોજાં જપ્ત કરવામાં આવ્યા હોય. પગલાંના નિશાનની થિયરીનો પીછો ન કરવાની પોતાની વર્તણૂકને ઢાંકવા માટે ફરિયાદ પક્ષે ઘડેલી આ એકદમ ખોટી કથા છે.

આ ઉપરાંત, આ કેસમાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો કુહાડી, બે છરીઓ, એક ચોપર અને એક ડબલ છરી હતા. આ પૈકી કોઈપણ હથિયાર પરથી આંગળીના નિશાન ઉઠાવીને સરખામણી માટે મોકલવાનો કોઈ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. ફરિયાદ પક્ષનો દાવો છે કે મકાનમાંથી નવ આંગળીના નિશાન ઉઠાવવામાં આવ્યા હતા, જેમાંથી તેઓ કહે છે કે પાંચ સરખામણી માટે સ્પષ્ટ નહોતા, બેનો મેળ બેસ્યો નહોતો અને બાકીના બેમાંથી એકનો મેળ ફરિયાદપક્ષના સાહેદ–૧૪ ટિન્ટુ જોસેફ, જે ઑગસ્ટીનનો ભાણેજ છે, તેની સાથે બેસે છે અને બીજાનો મેળ આરોપી–અપીલકર્તા સાથે બેસે છે. હથિયારો પરથી કોઈ આંગળીના નિશાન કેમ

ઉઠાવવામાં આવ્યા નથી અને આટલી મોટી સંખ્યામાં રહેલા આંગળીના નિશાન કોના હતા તે બાબતનો ફરિયાદ પક્ષ દ્વારા જરાય પીછો કરવામાં આવ્યો નથી.

સર્વોપરી રીતે, ફરિયાદ પક્ષ મુજબ દરવાજાના ખંભા ઉપરની આંગળીઓની છાપો, જે આરોપી સાથે મેળ ખાતી હતી, તેના પર લોહીના ડાઘ હતા. જોકે, નિષ્ણાત મુજબ, લોહીના ડાઘ પરથી તે લોહીના ડાઘ કયા રક્તસમૂહના હતા તે નિર્ધારિત કરવું શક્ય નહોતું.

બીજું એક મહત્વપૂર્ણ પરિસ્થિતિ એવું કહેવાતું છે કે મૃતકની બે ચેઇન અને એક પાયલ આંક ૭૪ સુરેશ દ્વારા ટી.વી. ગંગાધરન ( આંક ૨૫ ) ની દુકાને ગીરવે મૂકવામાં આવી હતી. પોલીસે એવો કેસ ઉભો કર્યો કે આરોપીએ તા. ૯.૧.૨૦૦૧ના રોજ બોમ્બે ખાતે આ દાગીના સુરેશને સોંપ્યા હતા અને સુરેશ તા. ૧૬.૧.૨૦૦૧ના રોજ કેરળ આવ્યો હતો અને તા. ૩૧.૧.૨૦૦૧ના રોજ, જ્યારે તેને સંપૂર્ણ જાણ હતી કે અપીલકર્તા પર ગુનો કર્યાનો સંદેહ વ્યક્ત કરવામાં આવ્યો હતો, ત્યારે તેણે આ દાગીના ગીરવે મૂક્યા હતા. તેને સમર્થન આપવા માટે પોલીસે આંક ૨૫ મારફતે આંક પી–૨૨ નોંધાવ્યો હતો. આંક પી–૨૨ ગીરવે રાખવાની નોંધપોથી હતી, જે તા. ૨૦.૨.૨૦૦૧ના રોજ આંકની દુકાનમાંથી સમકાલીન રીતે જપ્ત કરવામાં આવી હતી–જપ્તીના દિવસે જે વસ્તુઓ કબજે કરવામાં આવી હતી તે ગીરવેનો બોન્ડ અને ટોકન હતા. અબ્રાહમ

ચેરિયન ( આંક ૫૯ ) તપાસ અધિકારી સ્વીકારે છે કે બોન્ડો કબજે કરવામાં આવ્યા હતા, પરંતુ તે અદાલતમાં રજૂ કરવામાં આવ્યા નહોતા. વિવાદિત આદેશ દ્વારા, વડી અદાલતે બે ચેઈન અને એક પાયલ એવા આભૂષણોની વસૂલાતમાં અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમ છતાં, આશ્ચર્યજનક વાત એ છે કે જો પોલીસે વાસ્તવમાં વસૂલાત કરી ન હતી, તો શું તેમણે સુરેશ ( આંક ૭૪ ) સામે તપાસની દિશા અનુસરેલી હતી અને જો નહીં, તો કેમ નહીં? પોલીસ દ્વારા, તેઓને જ શ્રેષ્ઠ રીતે જાણીતા કારણોસર, આવા અનેક અન્ય ખોટા ગૂંથાણ અને વધારા કરવામાં આવ્યા છે.

(સી) આરોપીના આંગળીના નિશાનની મકાનમાંથી રીકવરીઃ એમ.ટી. જોસે (ફરિયાદપક્ષના સાહેદ–૧૪), ઓગસ્ટિનના સગા ભાઈ, જણાવે છે કે આરોપી ઓગસ્ટિન સાથે સંબંધથી ભાઈ હતો અને તે ઓગસ્ટિનના મકાનમાં તેમજ સાક્ષી જોસેના મકાનમાં વારંવાર આવતો–જતો હતો, તથા માતાનો તેની સાથે પુત્રસમાન સંબંધ હોવાથી આરોપીને 'થરવાદ' માં સંપૂર્ણ સ્વતંત્રતા હતી. તેવી જ રીતે, એમટી જ્યોર્જ ( ફરિયાદપક્ષના સાહેદ–૧૫), અવસાન પામેલ ઓગસ્ટિનના અન્ય ભાઈ, પણ જણાવે છે કે આરોપી નિયમિત રીતે ઓગસ્ટિનના મકાનમાં આવતો હતો. આ પરિસ્થિતિમાં, દરવાજાની ઓટલીએ મળેલા આંગળીના નિશાનો આરોપીના નિશાનો સાથે મેળ ખાતા હોવાનું માન્ય રાખીએ તો પણ, જેમ

ફરિયાદપક્ષના સાહેદ–૧૪ મુજબ ટિન્ટુ જોસેફના આંગળીના નિશાનો પણ મેળ ખાતા હતા, તેમ છતાં આ અપીલકર્તા વિરુદ્ધ કોઈ પરિસ્થિતિ બનતી નથી, કારણ કે અપીલકર્તા સ્વીકાર્ય રીતે વારંવાર આવનારો વ્યક્તિ હતો.

આંગળીના નિશાનનું મળતર કે. યોગેન્દ્ર સખ્યાએ (પીડબલ્યુ–૭) કર્યું હતું અને અહેવાલને આંક પી–૧૧ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યો હતો. અહેવાલ પરથી જાણવા મળે છે કે આંગળીના નિશાનની તુલના ધરપકડ સ્લિપ પરના આંગળીના નિશાન સાથે કરવામાં આવી હતી. તે સિવાય, આ અહેવાલમાં એવું પણ કહેવાયું છે કે અન્ય ૭ આંગળીના નિશાન હતા, જેમાંથી ૫ અસ્પષ્ટ હતા અને ૨નું મળતર થઈ શક્યું નહોતું. આથી એવું દર્શિત થાય છે કે ગુનો કરવા માટે પરિસરમાં અજાણ્યા વ્યક્તિઓ પ્રવેશ્યા હતા. વધુમાં, આ અહેવાલમાં આરોપીના આંગળીના નિશાનની વચનો ખુલાસો કરવામાં આવ્યો નથી. સ્વીકાર્ય રીતે આરોપી અનેક વખત ઘેર ગયો હતો અને નિશ્ચિતપણે ૫.૧.૨૦૦૧ અને ૬.૧.૨૦૦૧ના રોજ તે ઘેર ગયો હતો. બીજું, ધી આઈડેન્ટીફિકેશન ઓફ પ્રિઝનર્સ એક્ટ મુજબ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ફિંગર પ્રિન્ટનો નમૂનો લેવામાં આવવો જોઈતો હતો અને આ પ્રક્રિયાનું પાલન ન કરવામાં આવ્યું હોવાથી, આ કોર્ટ દ્વારા મોહમ્મદ અમન અને અન. વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય (૧૯૯૭(૧૦) એસસીસી–૪૪) માં આપવામાં આવેલા આ

સંજોગો પર કોઈ આધાર રાખી શકાય નહીં.

ત્રીજું, કથિત આંગળીઓના નિશાનોનો રક્તસમૂહ નમૂનો શોધી શકાયો નહોતો અને વિશેષરૂપે સમૂહ જેમ આંક પી–૩૯ પરથી સ્પષ્ટ થાય છે તેમ, તે જેમનું તેમ મળ્યું હોવાનું માન્ય થઈ શકતું નથી. કોઈ કારણ આપવામાં આવ્યું નથી. તેથી, આંગળીનાં નિશાન પરિસ્થિતિજન્ય પુરાવો નથી અને પરિસ્થિતિઓની કડીમાં આધાર અથવા જોડાણરૂપ બની શકતા નથી.

(ડી) વાળની રીકવરી:

પરમેશ્વરન નાયર (ફરિયાદપક્ષના સાહેદ–૫૩) આંક ૦–૧૨ ના અહેવાલમાં જણાવે છે તેમણે તૈયાર કરેલ પ્રમાણે, જેસ્મોનના શરીર પર તેમને એક કાળો વાળ મળ્યો હતો, તે તેમણે તપાસ અધિકારીને સોંપ્યો હતો, તેમણે તેને સીલ કર્યો નહોતો, તે માથાનો વાળ હતો અને ખેંચીને કાઢવામાં આવેલો વાળ. જે બાબત મહત્વપૂર્ણ છે તે એ છે કે ૮.૧.૨૦૦૧ના રોજ કથિત રીતે કબજે કરાયેલા અનસીલ કરાયેલા વાળ વિશેની કોઈ માહિતી કે કબજે કરાયેલ વસ્તુ, આરોપીની પોલીસ દ્વારા પૂછપરછ પહેલાં અદાલતમાં મોકલવામાં આવી નહોતી; એટલે કે ઓછામાં ઓછું ૧૮.૨.૨૦૦૧ સુધી તે મોકલવામાં આવી નહોતી. ઉક્ત માહિતી કઈ વાસ્તવિક તારીખે મોકલવામાં આવી હતી તેનો ક્યાંય ઉલ્લેખ કરવામાં

આવ્યો નહોતો. આ અંગે વડી અદાલતે પ્રતિકૂળ ટિપ્પણી કરી હતી સી.બી.આઈ. તપાસનો આદેશ આપતી વખતે. મહત્વનું એ છે કે ફરિયાદપક્ષના સાહેદ–૫૩ના અહેવાલ આંક પી–૩૬માં એવું જણાય છે કે જ્યારે તે ન્યાયિક પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ દ્વારા મોકલવામાં આવ્યો ત્યારે તેના ઉપર ન્યાયિક પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની સીલ હતી, પરંતુ તે પેકેટમાં બે અનસીલ કરાયેલા પેકેટો હતા, જેમાં વાળ હતા (તે બાબતે વિરોધાભાસ છે કે જેસ્મોનના શરીરમાંથી એક વાળ જપ્ત કરવામાં આવ્યો હતો કે ત્રણ વાળ જપ્ત કરવામાં આવ્યા હતા, પરંતુ હાલ માટે તે બાબતને બાજુએ રાખીને) જેસ્મોનના શરીરમાંથી કથિત રીતે મળેલ. નોંધવા જેવી મહત્વની બાબત એ છે કે ફરિયાદપક્ષના સાહેદ–૫૩ કહે છે કે તેણે તેને સીલ કર્યું નહોતું અને અદાલતમાંથી જે મોકલવામાં આવ્યું તે અદાલતના સીલબંધ પેકેટની અંદર મૂકાયેલું અસિલબંધ પેકેટ હતું. નોંધવા જેવી મહત્વની બાબત એ છે કે તપાસ માટે જે મોકલવામાં આવ્યું હતું તે જ વસ્તુ જપ્ત કરવામાં આવી હતી કે નહીં તે અંગે સ્પષ્ટતા નથી. આ પરિસ્થિતિ સાથે જોડાયેલી બીજી બાબત એ છે કે ૮.૧.૨૦૦૧ ના રોજ ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટને સમકાલીન અહેવાલ કરવામાં આવ્યો નહોતો, જેથી એવું જણાય છે કે આરોપીની તપાસ કરવામાં આવ્યા પછી જ અહેવાલ કરવામાં આવ્યો હતો. ત્યાં પણ અનીતા કુમાર (ફરિયાદપક્ષના સાહેદ–૬૦) કહે છે કે તેણે આરોપીના વાળ કાપ્યા અને

રાસાયણિક પરીક્ષણ માટે મોકલ્યા. આંક પી–૩૬ ના અવલોકનથી જણાય છે કે આ નમૂનાના વાળ બંધ બોટલમાં હતા, જે પ્લાસ્ટિકના ડબ્બામાં રાખવામાં આવ્યા હતા. સીલ કરવામાં આવ્યું હોવાનો કોઈ પુરાવો નથી.

ફરિયાદપક્ષના સાહેદ–૬૦ કહે છે કે તેણીએ આંક પી–૪૮ માં એવું જણાવ્યું નહોતું કે તેણીએ પેક સીલ કર્યો હતો, પરંતુ તેણીએ વાળ કાચની બોટલમાં રાખ્યા હતા અને સીલ કર્યા પછી તે તપાસ અધિકારીને સોંપ્યા હતા. આંક પી–૩૬ માં એવું જણાવાયું નથી કે નમૂનાની બોટલ સીલ કરાઈ હતી. તે માત્ર બંધ બોટલ હતી જે પ્લાસ્ટિકના ડબ્બામાં રાખવામાં આવી હતી. આંક પી–૩૬ માં નોંધપાત્ર બાબત એ છે કે તેમાં ઉલ્લેખ છે કે નમૂનાના વાળ અને જપ્ત કરાયેલા વાળ બંનેમાં મૂળ હતા. ફરિયાદપક્ષના સાહેદ–૬૦ કહે છે કે તેણીએ વાળ કાપ્યા હતા અને કાપતી વખતે તેમાં મૂળ ન હોય. જપ્ત કરાયેલા વાળ સીલ કરવામાં આવ્યા નહોતા, નમૂનાના વાળ સીલ કરવામાં આવ્યા નહોતા અને સૌથી મહત્વપૂર્ણ વાત એ કે જપ્ત કરાયેલા વાળ ૮.૧.૨૦૦૧ ના રોજ જપ્ત થયા હતા અને આરોપીની પૂછપરછ થયા પછી જ, એટલે કે ૧૮.૨.૨૦૦૧ ના રોજ અથવા ત્યારબાદ જ મોકલવામાં આવ્યા હતા, તે ફરિયાદ પક્ષની વાર્તા અંગે ગંભીર શંકા ઊભી કરે છે અને અપીલકર્તા વિરુદ્ધની પરિસ્થિતિમાં તે આધાર અથવા કડી બની શકતું નથી. ફરિયાદપક્ષના

સાહેદ–૫૧, જેણે જેસ્મોનનું આંક પી–૩ ઈન્કવેસ્ટ તૈયાર કર્યું હતું, તેણે જિરહમાં કબૂલ કર્યું છે કે મૃતદેહમાંથી પ્રાપ્ત થયેલા વાળ ત્યાં જ તે સમયે સીલ કરવામાં આવ્યા હતા અને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પરંતુ સ્વીકાર્ય રીતે તે સીલ કરેલા વાળ, જેમ અહેવાલમાંથી સ્પષ્ટ થાય છે, ફરિયાદપક્ષના સાહેદ–૫૩ના હાથમાં પહોંચ્યા ત્યારે અસિલબંધ હાલતમાં જોવા મળ્યા હતા. જો ફરિયાદપક્ષના સાહેદ–૫૧એ તેને સીલ કર્યું હતું, તો તે કેવી રીતે અસિલબંધ થયા, તે એવો પ્રશ્ન છે જેના જવાબ ફરિયાદ પક્ષે આપ્યો નથી.

(ઈ) કહેવાતા પૅન્ટ–શર્ટ, રૂમાલ અને મોજાંની જપ્તી:

વસૂલીનો આ સિદ્ધાંત સંપૂર્ણપણે ખોટો છે. ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ, બનાવ પછી આરોપી વહેલી સવારમાં પોતાના ઘરે ગયો હતો અને પત્નીની જાણ વિના કપડાં બદલી, તેમને પ્લાસ્ટિકની કિટમાં મૂકી અને તે કિટને પરિસરમાં જમા કર્યા પછી, જ્યાંથી તેઓ પાછા મેળવવામાં આવ્યા હતા, ઘેર પાછા આવ્યો. નિર્ણાયક બાબત એ છે કે સી.બી.આઈ.ના તપાસ અધિકારી (ફરિયાદપક્ષના સાહેદ–૭૭) કહે છે કે માત્ર રૂમાલ અને મોજાં જ ફરિયાદપક્ષના સાહેદ–૬૮ અને ફરિયાદપક્ષના સાહેદ–૭૩ દ્વારા આપવામાં આવેલ નિવેદનો મહત્વપૂર્ણ બાબતમાં પરસ્પર વિરોધાભાસી છે. જ્યારે ફરિયાદપક્ષના સાહેદ–૬૮ કહે છે કે ચાર

વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી અને તે સમયે આરોપી જીપમાં બેઠેલો હતો, કે રૂમાલમાં લોહી જોવામાં આવ્યું હતું અને બીજી કોઈ વસ્તુ ન હતી, ત્યારે ફરિયાદપક્ષના સાહેદ–૭૩ કહે છે કે આરોપી ગેટમાં પ્રવેશ્યો હતો અને ચારેય વસ્તુઓમાં લોહીના ડાઘ હતા. સ્પષ્ટ છે કે પોલીસે સમજી લીધું હતું કે આરોપી પોતાની પત્નીની જાણ વગર ઘેર આવ્યો હતો એવી તેમની થિયરી નિષ્ફળ જશે, તેથી તેઓ માત્ર રૂમાલ અને મોજાં જ જપ્ત થયાં હતાં એવો કેસ લઈને આગળ આવ્યા. પોલીસની થિયરી અને મહાઝરના સાક્ષીઓ વચ્ચે આવેલા આ ગંભીર વિરોધાભાસોને ધ્યાનમાં લેતા, પરિસ્થિતિરૂપે આ જપ્તી પર કોઈ વિશ્વાસ મૂકી શકાય નહીં. વધુમાં, જો પેન્ટ અને શર્ટ જપ્ત કરવામાં આવ્યા ન હતા, તો પછી તે ફરિયાદપક્ષના સાહેદ–૫૪ પાસે ફોરેન્સિક તપાસ માટે કેવી રીતે મોકલવામાં આવ્યા, જેના અહેવાલમાં જણાવાયું છે કે પેન્ટ અને શર્ટમાં '૦' જૂથનું લોહી હતું. સી.બી.આઈ. તપાસ અધિકારી કહે છે કે માત્ર મોજાં અને રૂમાલ જ જપ્ત કરવામાં આવ્યું. ફરિયાદપક્ષના સાહેદ–૬૮ કહે છે કે લોહીના ડાઘ માત્ર રૂમાલમાં જ હતા. ફરિયાદપક્ષના સાહેદ–૭૩ કહે છે કે તમામ કપડાં પર લોહીના ડાઘ હતા. ફરિયાદપક્ષના સાહેદ–૭૩ કહે છે કે આરોપીએ વસ્તુઓ બહાર કાઢી હતી, જ્યારે ફરિયાદપક્ષના સાહેદ–૬૮ કહે છે કે આરોપી જીપમાં બેઠેલો હતો. જો ફરિયાદપક્ષના સાહેદ–૬૮ વસ્તુઓ બહાર કાઢ્યા પછી આવ્યો હોય, તો તે પુનઃપ્રાપ્તિનો સાક્ષી નથી. જો

વાસ્તવમાં રૂમાલ અને મોજાં પુનઃપ્રાપ્ત થયાં હોય, તો ફોરેન્સિક પ્રયોગશાળામાં જે મોકલવામાં આવ્યું છે તે એવી વસ્તુ છે જે જપ્ત કરવામાં આવી નથી. અપીલકર્તાને ફસાવવા માટે લોહી લાગેલા કપડાંની પુનઃપ્રાપ્તિ ખોટી રીતે દર્શાવવાનો ફરિયાદ પક્ષ દ્વારા ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો છે. ફરિયાદપક્ષના સાહેદ–૧૫, ૧૬ અને ૧૭ એ સવારે આરોપીને જોયો હતો. તેમણે એવી વાત આગળ ધપાવી કે આરોપીએ પત્ની ફરિયાદપક્ષના સાહેદ–૧૯ની જાણ બહાર કપડાં બદલ્યાં હતાં. આ બધી પરિસ્થિતિઓ ઘટનાના ૪૫ દિવસ પછી જાહેર સ્થળેથી થયેલી પુનઃપ્રાપ્તિની થિયરી અંગે ગંભીર શંકા ઊભી કરે છે. વધુમાં, પુનઃપ્રાપ્તિ પોતે જ એવી રીતે આયોજનબદ્ધ કરવામાં આવી હતી જાણે મોટો દેખાવો ગોઠવવામાં આવ્યો હોય અને ત્યાં ૫૦૦ લોકો ભેગા થયા હોય. પોલીસ દ્વારા પુનઃપ્રાપ્તિના સ્થળેથી કપડાં બતાવીને નાટકીય પ્રદર્શન કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ બધી બાબતો દર્શાવે છે કે આ એક પૂર્વનિયોજિત અને મંચિત પુનઃપ્રાપ્તિ હતી, જેના આધારે અપીલકર્તા વિરુદ્ધ કોઈ પરિસ્થિતિ સ્થાપિત કરી શકાતી નથી અને દોષિત ઠેરવવાનો નિર્ણય પણ આધારિત રહી શકતો નથી.

આરોપીની પત્ની, ફરિયાદપક્ષના સાહેદ–૧૯, જણાવે છે કે આરોપી ૦૧/૦૧/૨૦૦૧ રોજ સવારે પેન્ટ અને શર્ટ પહેરીને આવ્યો હતો. તેણીએ કોઈ લોહીના ડાઘ વિશે વાત કરી ન હતી.

ગુનાનો કહેવાતો હેતુ એવો છે કે આરોપીને સાઉદી અરેબિયા જવા માટે નાણાંની જરૂર હતી અને તે હેતુસર તેણે છ સભ્યોની હત્યા કરી. અગાઉ સમજાવ્યા મુજબ, હેતુનો આ સિદ્ધાંત ગુનાસ્થળેથી મોટી રકમની રોકડ અને દાગીના મળ્યા હોવાના પરિપ્રેક્ષ્યમાં સંપૂર્ણપણે ખંડિત થાય છે, જે બાબત અંગે ફરિયાદપક્ષના સાહેદ–૧ જોસેફ, ફરિયાદપક્ષના સાહેદ–૪૫ અને તપાસ અધિકારી (ફરિયાદપક્ષના સાહેદ–૫૯) એ જણાવ્યું છે. જો આરોપીનો હેતુ નાણાં હોત, તો તે લૂંટેલ માલમત્તા સાથે ફરાર થઈ ગયો હોત. ત્યારબાદ ફરિયાદપક્ષના સાહેદ–૨૩ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૪ એ સાક્ષી આપી કે આરોપીએ ૭.૧.૨૦૦૧ ની સવારે યોહન્નાન (ફરિયાદપક્ષના સાહેદ–૨૩) ને ભાગરૂપે અને બાકીની રકમ મોકલવાનો વાયદો કરીને ચુકવણી કરી હતી તથા રામન નાયર (ફરિયાદપક્ષના સાહેદ–૨૪) ને સંપૂર્ણ ચુકવણી કરી હતી. આરોપી એક અંતઃકરણવાળો વ્યક્તિ છે અને તેણે દેવા પરત ચૂકવ્યા હતા, તેવી બાબત ફરિયાદપક્ષના સાહેદ–૧૪ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૪ દ્વારા જણાવાઈ છે. આરોપીનો પોતાનો કેસ એવો છે કે ૬.૧.૨૦૦૧ ની સાંજે ઑગસ્ટિને તેને રૂપિયા ૩૫,૦૦૦/– આપ્યા હતા જેથી તે યોહન્નાન અને રામન નાયરને ચુકવણી કરી શકે અને ડી.ડબ્લ્યુ.–૧ સાથેની તેની ચિટ્ઠી ઉપર શરત રાખીને અથવા ગલ્ફ જઈને ઑગસ્ટિનને પરત ચૂકવી શકે. ફરિયાદપક્ષના સાહેદ–૧૯ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૩ એ જણાવ્યું કે

આરોપીએ તેમને કહ્યું હતું કે નાણાંની વ્યવસ્થા થઈ ગઈ છે અને તેણે ફરિયાદપક્ષના સાહેદ–૨૩ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૪ સમક્ષ "ચેટ્ટાથેસ હાઉસ" નો ઉલ્લેખ કર્યો હતો. આથી એટલું દર્શાવવા પૂરતું છે કે આરોપીએ વિદેશ જવા પહેલાં નાણાં પરત કરી દીધા હતા. ફરિયાદપક્ષના સાહેદ–૨૩ ને માત્ર સહી કરાયેલ સ્ટેમ્પ પેપર અને બિનસહી કરાયેલ ચેક પાનું જ જોઈએ હતું, જે પણ તેને ૬.૧.૨૦૦૧ ની સવારે મળ્યું અને તેણે તેને આપ્યું. આરોપી ડી.ડબ્લ્યુ.–૧ સાથે ચાલુ ચિટ્ઠીમાં હતો, જે બાબત ઉક્ત બચાવ સાક્ષીએ કહી છે. ઑગસ્ટિન પાસેથી તેની દુકાનેથી નાણાં મેળવીને ફરિયાદપક્ષના સાહેદ–૨૩ અને ફરિયાદપક્ષના સાહેદ–૨૪ ને ચૂકવણી કરનાર આરોપી જ હતો અને ત્યાંથી ફરિયાદપક્ષના સાહેદ–૨૩ સાથે પાછો આવ્યો, બસ દ્વારા ત્રિચુર ગયો અને ત્યાંથી ટ્રેન દ્વારા બોમ્બે ગયો. આ પરિસ્થિતિમાં હેતુનો સિદ્ધાંત સંપૂર્ણપણે ધરાશાયી થાય છે અને પરિસ્થિતિજન્ય પુરાવાના કેસમાં, જ્યારે ફરિયાદ પક્ષ હેતુનો સિદ્ધાંત આગળ મૂકે છે, ત્યારે તે જ બાબતને વાજબી શંકાથી પર સાબિત કરવાનો ભાર તેમની ઉપર છે. ફરિયાદ પક્ષ પોતાનાં આ પ્રયાસમાં દયનીય રીતે નિષ્ફળ ગયું છે. આ પણ નોંધવા જેવું છે કે સી.બી.આઈ.નો અંતિમ અહેવાલ ક્રાઈમ બ્રાન્ચના અહેવાલ સાથે સુસંગત નથી.

(એફ) ફરિયાદ પક્ષના સાક્ષીઓ ૧૫, ૧૬ ૧૭ ની સાક્ષી મુજબ

૭.૧.૨૦૦૧ ના રોજ સવારે ઓગસ્ટિનના ઘર નજીક આરોપીને જોવામાં આવ્યો હતો:

સાક્ષી ૧૫, ૧૬ અને ૧૭ ના પુરાવાને વડી અદાલતે નકારી કાઢ્યા છે. સાક્ષી-૧૭ એ આ હકીકત અદાલત સમક્ષ ૮.૪.૨૦૦૩ ના રોજ, જ્યારે તેનું નિવેદન પ્રથમ વખત નોંધવામાં આવ્યું ત્યારે જાહેર કરી હતી, પરંતુ તે રસ્તેથી પસાર થતી હતી તેની જાણ પોલીસને કેવી રીતે થઈ તે અંગે કોઈ સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું નહોતું. તે જ રીતે, સાક્ષી ૧૫ અને ૧૬ એ પણ સંહિતાની કલમ ૧૬૧ હેઠળ તેમની પૂછપરછ કરવામાં આવી ત્યારે પોલીસ સમક્ષ આ બાબત જાહેર કરી નહોતી. કોઈપણ સ્થિતિમાં, આરોપી પોતે ૭.૧.૨૦૦૧ ની સવારે ઘરે પાછો આવ્યો હતો, છતાં કોઈપણ સાક્ષીએ કોઈ લોહીના ડાઘ નોંધ્યા નહોતા. આરોપીનું ઘર મૃત્યુ પામેલાના ઘરથી ૨૦ મીટર દૂર છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, આ સાક્ષીઓને ખોટું બોલવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે અને અન્યથા પણ એવો કોઈ અન્ય નિવેદન નથી જેનાથી માત્ર આરોપી દેખાયો હતો એટલા માટે જ તેણે હત્યા કરી હોવાનું સ્થાપિત થાય.

ફરિયાદપક્ષના સાહેદ-૧૫ મુજબ, જ્યારે તે રેલવે સ્ટેશન તરફ જતાં માર્ગ પર આરોપીને મળ્યો ત્યારે તેણે આરોપીને પૂછ્યું કે તે ક્યાં જઈ રહ્યો હતો, પરંતુ તેણે કોઈ જવાબ આપ્યો નહોતો. ફરિયાદપક્ષના

સાહેદ–૧૫નું આ વર્ણન સંહિતાની કલમ ૧૬૧ હેઠળ નોંધાયેલા તેના નિવેદનથી ખંડિત થાય છે. ફરિયાદપક્ષના સાહેદ–૧૭એ પણ જણાવ્યું છે કે ૭.૧.૨૦૦૧ના રોજ સવારે ૫.૪૫ વાગ્યે તેણે ઘટનાસ્થળની સામે આવેલ અને રેલવે સ્ટેશન તરફ જતાં માર્ગ પરથી આરોપીને ચાલતા જોયો હતો. તેના મુજબ, તે પોતાની સાસુની માતાને જોવા હોસ્પિટલ જતી હતી. આ નિવેદન પણ તેણે અપરાધ શાખાને આપેલા નિવેદનથી વિરુદ્ધ છે. તેના મુજબ, તેની ક્યારેય અપરાધ શાખાએ પૂછપરછ કરી નહોતી, પરંતુ સી.બી.આઈ.એ બે વખત પૂછપરછ કરી હતી. આ સંપૂર્ણ અસત્ય છે.

(જી) કહેવાતી અદાલતબાહ્ય કબૂલાત ફરિયાદપક્ષના સાહેદ–૬૦ સમક્ષ, જેમ આંક પી–૪૮ માં નોંધવામાં આવી છે.

આંક પી–૪૮ ના અવલોકનથી જાણવા મળે છે કે ઘા પ્રમાણપત્રમાં કહેવાતી વધારાની ન્યાયિક કબૂલાત ત્રણ લીટીઓમાં છે. તે નીચે મુજબ કહેવાનો ઈરાદો ધરાવે છે

"૬મી જાન્યુઆરીએ લગભગ ૯ વાગ્યે, કોચુરાણીને એક સ્ટૂલથી માર મારતી વખતે, છરીના સંપર્કમાં આવવાથી આંગળી પર કેટલીક ઈજા થઈ. પરીક્ષણ માટે લોહી અને માથાના વાળ લેવા અંગે કોઈ વાંધો નથી."

આ કોઈ વધારાની ન્યાયિક સ્વીકારોક્તિ નથી. વધારાની ન્યાયિક

સ્વીકારોક્તિ દોષસ્વીકારક હોવી જોઈએ અને તેમાં ગુનો કેવી રીતે કરવામાં આવ્યો તેની નોંધપાત્ર વિગત હોવી અનિવાર્ય છે. ઉપરોક્ત બે પંક્તિઓ એવા દસ્તાવેજમાં દાખલ કરવામાં આવી છે, જેમાં મૂળમાં જ કેટલીક અંતરક્ષેપિત નોંધો છે. કોઈપણ સ્થિતિમાં, આ આરોપીને સંડોવવા માટે પૂરતું નથી. વધુમાં, કથિત ઉક્ત નિવેદનના સમયે ઉપ પોલીસ અધિક્ષક પણ ત્યાં હાજર હતા અને તેથી તે કતઈ વિશ્વસનીય નથી.

(એચ) સંહિતાની કલમ ૧૬૪ હેઠળ કથિત કબૂલાત

આરોપીની ૧૮.૨.૨૦૦૧ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તે ૯.૨.૨૦૦૧થી ગેરકાયદેસર અટકાયતમાં હતો. આ મામલો પ્રથમ વખત ૫.૪.૨૦૦૧ના રોજ ક્રાઇમ બ્રાન્ચ સીઆઇડીને સોંપવામાં આવ્યો હતો, ત્યારબાદ ૯.૪.૨૦૦૧ના રોજ તે સીબીઆઇને હસ્તાંતરિત કરવામાં આવ્યો હતો. સંહિતાની કલમ ૧૬૪ હેઠળની આ કબૂલાત ઓક્ટોબર, ૨૦૦૨માં નોંધવામાં આવી હતી. કબૂલાતના અવલોકનથી જણાય છે કે તામિલનાડુ રાજ્યમાં મહાનગર મેજિસ્ટ્રેટ તરીકે ફરિયાદપક્ષના સાહેદ–૬૫એ તે નોંધેલી હોવાનું માનવામાં આવે છે. તપાસ એજન્સી દ્વારા આપેલું કારણ એ છે કે આરોપીએ કેરળની બહારની જગ્યાએ કબૂલાત નોંધાવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. કોઈ લેખિત વિનંતી રજૂ કરવામાં આવી નથી અને આરોપીને સંબંધિત અદાલત સમક્ષ લઈ જવામાં

આવ્યો નહોતો જેથી તે કેરળની બહાર કબૂલાત નોંધાવવા માંગે છે તે હકીકત નોંધવામાં આવે. હકીકતમાં ૨૫.૧.૨૦૦૨થી આરોપી જામીન પર હતો, આ શરત સાથે કે તે અલુઆના અધિકારક્ષેત્રની બહાર જશે નહીં. કોઈ શિથિલતા મેળવ્યા વિના તેને મદ્રાસ લઈ જવામાં આવ્યો અને યાતના આપ્યા પછી ચેન્નાઈની મહાનગર મેજિસ્ટ્રેટ અદાલતમાં કબૂલાત નોંધવામાં આવી. જયન્થી (ફરિયાદપક્ષના સાહેદ-૬૫) મેજિસ્ટ્રેટ સ્વીકારે છે કે તેને મલયાલમ વાંચતાં અને લખતાં આવડતું નથી. અનુવાદકને સીબીઆઇ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનું નામ ક્યાંય દર્શાવવામાં આવ્યું નહોતું અને તેને સાક્ષી તરીકે પણ દર્શાવવામાં આવ્યો હતો, છતાં તેનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી; નોંધણી તામિલમાં કરવામાં આવી હતી. કબૂલાતનું દસ્તાવેજ આંક પી-૫૯ ફરજિયાત પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના તૈયાર કરવામાં આવ્યું હતું. આરોપીને એ બાબતથી અવગત કરવામાં આવ્યો નહોતો કે તે નિવેદન આપવા માટે બંધાયેલો નથી અને જો તે આપશે તો તેનો ઉપયોગ તેના વિરુદ્ધ કરવામાં આવશે. મૌખિક જુબાનીમાં પણ ફરિયાદપક્ષના સાહેદ-૬૫ માત્ર એટલું કહે છે કે તેણીએ તેને સમજાવ્યું હતું કે તે પુરાવો આપવા માટે બંધાયેલો નથી અને પછીથી તે તેના વિરુદ્ધ જઈ શકે છે. આ સંહિતાની કલમ ૧૬૪(૨) હેઠળ જે વિચારાયેલું છે તે નથી. તેણીએ તેને જણાવવું જોઈએ હતું કે તે કબૂલાત કરવા માટે બંધાયેલો નથી અને તે

કબૂલાત તેના વિરુદ્ધ પુરાવા તરીકે વપરાઈ શકે છે. વધુમાં, કબૂલાતના તામિલ સંસ્કરણનો અનુવાદ ફરિયાદપક્ષના સાહેદ–૭૬ દ્વારા કરવામાં આવ્યો હતો, જે કહે છે કે તેને તામિલ વાંચતાં કે લખતાં આવડતું નથી. તેથી અપીલકર્તાનો એવો મામલો છે કે ફરિયાદપક્ષના સાહેદ–૬૫ને મલયાલમ વાંચતાં કે લખતાં આવડતું નથી, ફરિયાદપક્ષના સાહેદ–૭૬ને તામિલ વાંચતાં કે લખતાં આવડતું નથી, પરંતુ તેઓ મલયાલમ અને તામિલ સમજી શકે છે. ફરિયાદપક્ષના સાહેદ–૭૬ને તેમના અધિનસ્ત મુથુકુમારે મદદ કરી હતી, જેના પરીક્ષણ કરવામાં આવ્યું નથી. તેથી વાસ્તવિક અનુવાદકોનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી, ફરજિયાત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી, અને આરોપીને કાયદેસર રીતે અધિકારક્ષેત્રની બહાર લઈ જવામાં આવ્યો નહોતો. જ્યારે આ કથિત કબૂલાત પર આધાર રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, ત્યારે આરોપીએ સંહિતાની કલમ ૨૩૨(૨) હેઠળ દાખલ કરેલા પોતાના નિવેદનમાં તેને સ્પષ્ટપણે નકારી કાઢી હતી. આ કબૂલાતનો આરોપી વિરુદ્ધ મૂળભૂત પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય નહીં. કોઈપણ સ્થિતિમાં, કોઈ સમર્થક સામગ્રીના અભાવે આ આરોપી વિરુદ્ધ કોઈ પરિસ્થિતિ બની શકતી નથી. આરોપીને તામિલનું જ્ઞાન નથી અને તેને માત્ર મલયાલમ જ આવડે છે.

૧૧. અપીલકર્તાને નાણાંની તાત્કાલિક જરૂર હતી, જે ફરિયાદપક્ષના

સાહેદ–૬૭ની સાક્ષીથી સ્થાપિત થાય છે. આરોપી/અપીલકર્તાને જાણ હતી કે તેનો વિઝા ૨૩મી ડિસેમ્બરએ આવી ગયો હતો અને ૧૦મી જાન્યુઆરી ૨૦૦૧ પહેલાં મોટી રકમની જરૂર હતી. તેણે ફરિયાદપક્ષના સાહેદ–૧૯ના નિવેદન મુજબ કર્જની વ્યવસ્થા કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો. તેણી તે રકમનો ઉલ્લેખ કરે છે જે તે ૫મી જાન્યુઆરી ૨૦૦૧ સુધીમાં ગોઠવી શક્યો હતો અને તેની પાસે માત્ર ૧૦,૦૦૦/– જેટલી નગણ્ય રકમ બાકી રહી હતી. યોહન્નાન (ફરિયાદપક્ષના સાહેદ–૨૩) અને રામચંદ્રન નાયર (ફરિયાદપક્ષના સાહેદ–૨૪) ના નિવેદનમાંથી રકમની ચુકવણી થયાની હકીકત સ્પષ્ટ થાય છે કે ૫.૧.૨૦૦૧ સુધીમાં તેની પાસે દેવું પરત ચૂકવવા અને પી .આઈ. ઉમ્મર (ફરિયાદપક્ષના સાહેદ–૬૭) ને ચુકવણી કરવા તેમજ તેના ટિકિટ ભાડા અને અન્ય ખર્ચા માટે ચૂકવણી કરવા પૂરતી વધારાની રકમ ઉપલબ્ધ હતી. આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે કે ફરિયાદપક્ષના સાહેદ–૨૩ એ પોતાની રકમની માંગણી પણ કરી નહોતી, તેમ છતાં આરોપી–અપીલકર્તાએ પોતાનું દેવું ચૂકવી દેવાનું પસંદ કર્યું, જે સ્પષ્ટ રીતે દર્શાવે છે કે અપીલકર્તાની મનશા ગેરરીતે પ્રાપ્ત કરેલ રકમમાંથી છુટકારો મેળવવાની હતી.

૧૨. મૃતકના ઘરે રોકડ રકમ અને દાગીના મોટી માત્રામાં ઉપલબ્ધ હતા, જેનો ઉપાડ આરોપી/અપીલકર્તા દ્વારા કરવામાં આવ્યો હોઈ શકતો, અને તે,

એક કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ તરીકે, પોતાની વિદાય પહેલાં પરત ચુકવી શકે તે હેતુથી તેણે તે લીધા હતા, એવો આરોપીનો દાવો છે. આ દલીલ સંપૂર્ણપણે નિરાધાર છે અને નીચલી અદાલતો દ્વારા તે ખોટી હોવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. અહીં ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે નીચલી અદાલતે આ હકીકત તરફ ધ્યાન દોર્યું છે કે દાગીના અને રોકડ છુપાવેલી સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા અને તેથી તેમના અસ્તિત્વ અંગેનું જ્ઞાન આરોપી/અપીલકર્તાને આરોપિત કરી શકાય તેમ નથી.

૧૩. કોડની કલમ ૩૧૩ હેઠળ નિવેદન નોંધવાની અવસ્થાએ, આરોપી બીજી એક સમજાવટ સાથે આવ્યો હતો કે મૃત્યુ પામેલ ઓગસ્ટિનએ તેને ૬.૧.૨૦૦૧ના રોજ રાત્રે ૮.૦૦ વાગ્યે રૂ.૩૫,૦૦૦૧/– ચુકવ્યા હતા. તે ઓગસ્ટિનની દુકાનમાં હાજર હતો અને તેને ઉપરોક્ત રકમ આપવામાં આવી હતી તે દર્શાવવા માટે કોઈપણ પુરાવો જ રજૂ કરવામાં આવ્યો નથી. વધુમાં, ફરિયાદ પક્ષના સાક્ષી–૧૯, જે આરોપી/અપીલકર્તાની પત્ની છે, તેણીએ પણ એવું જણાવ્યું નથી કે તેના પતિએ કોઈપણ અવસ્થાએ તેને જણાવ્યું હતું કે તેને મૃત્યુ પામેલ ઓગસ્ટિન પાસેથી રૂ.૩૫,૦૦૦/– ની રકમ પ્રાપ્ત થઈ હતી. નીચલી અદાલત અને વડી અદાલત બન્નેએ આ વાતનો વિશ્વાસ કર્યો નથી.

૧૪. પુરાવાની મૂળવણી દર્શાવે છે કે આરોપી/અપીલકર્તા વધુ રકમની અત્યંત કટોકટીભરી અને તાત્કાલિક જરૂરિયાતમાં હતો અને તેને ઉક્ત રકમ મેળવવા માટે હેતુ હતો.

૧૫. ફરિયાદપક્ષના સાહેદ–૩૮ એ આરોપી/અપીલકર્તાને ૬.૧.૨૦૦૧ના રોજ સાંજે ૭.૦૦ વાગ્યે ઘરમાં પ્રવેશતા જોયા હતા. તેની ઘરની અંદર હાજરી પણ

(૧) તેના આંગળીઓના નિશાનોની હાજરી (સંદર્ભ ફરિયાદપક્ષના સાહેદ–૬ અને ફરિયાદપક્ષના સાહેદ–૭);

(૨) મૃતકના શરીર પર વાળની હાજરી (ફરિયાદપક્ષના સાહેદ–૫૧, ફરિયાદપક્ષના સાહેદ– ૫૩ અને ફરિયાદપક્ષના સાહેદ–૬૧); અને~

(૩) આરોપી/અપીલકર્તાની તેના મકાનમાંથી ગેરહાજરી. (ફરિયાદપક્ષના સાહેદ– ૧૯).

૧૬. ફરિયાદપક્ષના સાહેદ–૧૭ એ ૭.૧.૨૦૦૧ના રોજ સવારે ૫.૪૫ વાગ્યે આરોપી/અપીલકર્તાને મૃત્યુ પામેલાના ઘરમાંથી બહાર આવતા જોયો હતો. આ પુરાવા પર બંને અદાલતોએ વિશ્વાસ મૂક્યો છે અને ઉલટતપાસે સાક્ષ્યને અવિશ્વસનીય ઠેરવ્યું નથી.

૧૭. આ પક્ષકારોનો સ્વીકારેલો મામલો છે. ફરિયાદ પક્ષના સાક્ષી–૧૯, જે આરોપીની પત્ની છે, તેમજ આરોપી/અપીલકર્તાએ પોતે પણ પોતાના જ ઘરમાંથી પોતાની ગેરહાજરી સ્વીકારી છે.

૧૮. આરોપી/અપીલકર્તા દ્વારા આપવામાં આવેલું આ નાટકીય સ્પષ્ટીકરણ કે તે પેરુંબાવુર જતો હતો અને થોડ્ડુવામાં, જે લગભગ ૩૫ કિ.મી. દૂર છે, ઓટો ચાલકે તેની પાસેથી પૈસા છીનવી લેવાનો પ્રયાસ કર્યો અને તેથી તે દોડી ગયો અને આખી રાત એક જર્જરિત મકાનમાં રોકાયો, તે નીચલી અદાલતો દ્વારા યોગ્ય રીતે નકારી કાઢવામાં આવ્યું છે. અને જો તે થોડ્ડુવામાં હતો, જે સ્વીકાર્ય રીતે ઘટના સ્થળથી ૩૫ કિ.મી. દૂર છે, તો તેને ઘટના સ્થળે વહેલી સવારે, અર્થાત્ ૭.૧.૨૦૦૧ ના રોજ સવારે ૫.૪૫ વાગ્યે, જોવામાં આવ્યો હોઈ શકે નહીં.

૧૯. અબ્રાહમ ચેરિયન (ફરિયાદપક્ષના સાહેદ–૫૯), ૧૦ એ પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળના નિવેદનની હકીકતને સમર્થન આપ્યું છે. વસૂલાતને ઈસ્માઈલ (ફરિયાદપક્ષના સાહેદ–૬૮) અને જોહ્ની સિરીએક (ફરિયાદપક્ષના સાહેદ–૭૨) એ સાક્ષી આપી છે. વધુમાં, સીબીઆઈમાંથી ૧૦, ફરિયાદપક્ષના સાહેદ–૭૭ એ પણ કલમ ૨૭

હેઠળની વસૂલાતો અને નિવેદનને સમર્થન આપ્યું છે.

૨૦. જી. વેંકટરામન (ફરિયાદપક્ષના સાહેદ–૭૭) દ્વારા તપાસ સંબંધિત પ્રશ્નના જવાબના આધારે વસૂલાતને બદનામ કરવાનો બચાવ પક્ષનો પ્રયાસ, જ્યાં તેમણે જણાવ્યું હતું કે તપાસમાંથી એવું બહાર આવ્યું છે કે ફક્ત રૂમાલ અને મોજાં જ મળી આવ્યા છે, તે હકીકતને અવગણે છે કે અગાઉ તપાસ ફરિયાદપક્ષના સાહેદ–૫૯ દ્વારા હાથ ધરવામાં આવી હતી અને ઉપરોક્ત પ્રશ્ન તપાસના સંદર્ભમાં હતો, વાસ્તવિક વસૂલાતની હકીકતનો નહીં જેને ફરિયાદપક્ષના સાહેદ–૬૮ અને ફરિયાદપક્ષના સાહેદ–૭૩ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

૨૧. વી.ઓ. જોશે (ફરિયાદપક્ષના સાહેદ–૬), ફોટોગ્રાફરે આંગળીઓના નિશાન ઉપાડ્યા હતા અને ફરિયાદપક્ષના સાહેદ–૭, આંગળીઓના નિશાનના નિષ્ણાતે તેમની સરખામણી કરી હતી. બચાવ પક્ષે તેનો ગંભીરતાપૂર્વક ઇનકાર કર્યો નથી, પરંતુ તેનો ખુલાસો કરવાનો પ્રયત્ન કર્યો છે તેમણે જણાવ્યું કે તે વારંવાર આવનારો મુલાકાતી હતો.

૨૨. ફરિયાદપક્ષના સાહેદ–૫૧–સબ–ઇન્સ્પેક્ટરે વાળ કબજે કર્યા હતા અને પછી વાળ ધરાવતા કન્ટેનરોને અલગ પેકેટમાં સીલ કરવામાં આવ્યા હતા.

ફરિયાદપક્ષના સાહેદ–૫૩ એ કબજે કરાયેલા વાળનું નમૂના વાળ સાથે પરીક્ષણ કર્યું હતું અને તે મેળ ખાતું હોવાનું નિર્ધારિત કર્યું હતું. ફરિયાદપક્ષના સાહેદ–૬૦ ડૉ. અનિલા કુમારીએ નમૂનો એકત્ર કર્યો.

૨૩. આ મુદ્દા સંબંધે ઘણી ટીકા કરવામાં આવી છે કે સિલબંધ કરવાની બાબતના સંદર્ભમાં વાળના નમૂનાઓનું સંગ્રહ. નોંધાયેલ પુરાવા સ્પષ્ટ રીતે દર્શાવે છે કે વાળ અલગ અલગ પાત્રોમાં રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ તે પાત્રોને એક સીલબંધ પેકેટમાં મુકવામાં આવ્યા હતા. પાત્રો પોતે સીલબંધ કરવામાં આવ્યા નહોતાં. પરંતુ, કારણ કે તેઓ સીલબંધ પેકેટમાં રાખવામાં આવ્યા હતા, તેથી તેમાં કોઈપણ જાતની છેડછાડ થવાની કોઈ શક્યતા નહોતી.

૨૪. કબૂલાતનું નિવેદન આંક પી–૫૯ છે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ફરિયાદપક્ષના સાહેદ–૬૫ દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું છે. ફરિયાદપક્ષના સાહેદ–૭૭, આઈઓએ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે આરોપી/અપીલકર્તા કેરળ રાજ્યની બહાર કબૂલાત કરવા માંગતા હતા. બચાવ પક્ષે નીચેના આધારો પર આનો આરોપ લગાવ્યો:

(૧) તે ત્રાસનું પરિણામ હતું અને તેને પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સંહિતાની કલમ–૧૬૪(૪) અને ૧૬૪(૨)નું પાલન થયું નથી.

(૩) સ્થાનિક મેજિસ્ટ્રેટને જાણ કરવામાં આવી ન હતી.

૨૫. આદરપૂર્વક રજૂઆત કરવામાં આવેલ છે કે ઉપરોક્ત કોઈપણ રજૂઆત માન્ય નથી. સંહિતાની કલમ ૩૧૩ હેઠળ નિવેદનના તબક્કા સિવાય કબૂલાત પાછી ખેંચી લેવામાં આવી નથી. મેજિસ્ટ્રેટને ત્રાસની કોઈ ફરિયાદ કરવામાં આવી નથી, કે ફરિયાદપક્ષના સાહેદ–૫૯ અથવા ફરિયાદપક્ષના સાહેદ–૭૭ ને પણ ઉલટતપાસમાં ત્રાસ સૂચવવામાં આવ્યો નથી.

૨૬. કલમ ૧૬૪(૨) હેઠળ આવશ્યક બધી જ સાવચેતીઓ મેજિસ્ટ્રેટ દ્વારા નિવેદન નોંધવામાં આવે તે પહેલાં લેવામાં આવી છે કબૂલાત અંગે, તેણીએ આરોપી–અપીલકર્તાને વિચાર કરવા માટે સમય આપ્યો છે. બીજું, તેણીએ આરોપીને આ બાબતે પણ ચેતવણી આપી છે કે પુરાવામાં તેના દ્વારા કહેવાયેલી કોઈપણ બાબતનો બાદમાં તેના વિરુદ્ધ ઉપયોગ થઈ શકે છે અને તે પુરાવો આપવા માટે બંધાયેલો નહોતો. બચાવ પક્ષની આ દલીલ કે મેજિસ્ટ્રેટે 'કબૂલાત'ના સ્થાને 'પુરાવો' શબ્દનો ઉપયોગ કર્યો હતો અને તેથી કલમ ૧૬૪(૨)નું પાલન થયું નહોતું, અતિ–તકનિકી છે. મેજિસ્ટ્રેટે નિવેદનમાં નોંધ્યું છે કે તેણીએ વૈધાનિક ચેતવણી અને

વૈધાનિક સલાહ આપી હતી કે તે નિવેદન આપવા માટે બંધાયેલો નહોતો. આ મામલામાં કલમ ૪૬૩ યોગ્ય રીતે લાગુ કરવામાં આવી છે.

૨૭. આ અદાલતે સ્ટેટ ઓફ યુપી વિ. સિંઘારા સિંહ(એઆઈઆર ૧૯૬૪ એસસી ૩૫૮) (ફકરો ૧૦) માં સંહિતાની કલમ ૧૬૪ હેઠળના નિવેદનો બાબતે મૌખિક પુરાવાનો વ્યાપ, જે સંહિતાની કલમ ૫૩૩ હેઠળ (હવે સંહિતાની કલમ ૪૬૩) ઉમેરી શકાય, તે નીચેના શબ્દોમાં સમજાવવામાં આવ્યો હતો:

"તેથી, કલમ ૫૩૩ એ મૌખિક પુરાવા આપવાની મંજૂરી આપે છે કે જે સાબિત કરે કે કલમ ૧૬૪ માં દર્શાવેલ પ્રક્રિયા ખરેખર અનુસરવામાં આવી હતી જ્યારે કોર્ટને લાગે છે કે તેની સમક્ષ રજૂ કરાયેલ રેકોર્ડ એવું બતાવતું નથી કે તે આવું હતું. જો મૌખિક પુરાવા સ્થાપિત કરે છે કે પ્રક્રિયા અનુસરવામાં આવી હતી, તો જ રેકોર્ડ સ્વીકારી શકાય છે. તેથી, કલમ ૧૬૪ માં દર્શાવેલ પ્રક્રિયા ફરજિયાત બનાવવાનો હેતુ નથી તે દર્શાવવાથી દૂર, કલમ ૫૩૩ ખરેખર ભાર મૂકે છે કે પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ. આ કલમ ફક્ત મૌખિક પુરાવાને સાબિત કરવા માટે પરવાનગી આપે છે કે પ્રક્રિયા ખરેખર અમુક કિસ્સાઓમાં અનુસરવામાં આવી હતી જ્યાં રેકોર્ડ જે દર્શાવે છે તે દેખીતી રીતે આમ કરતું નથી."

૨૮. કલમ ૧૬૪(૨) ની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે અને જામીન પર મુક્ત આરોપી દ્વારા મુક્તપણે અને સ્વેચ્છાએ આપવામાં આવેલ કબૂલાતના નિવેદનને ફક્ત એટલા માટે નકારી શકાય નહીં કારણ કે મેજિસ્ટ્રેટે આરોપીને ચેતવણી આપતી વખતે 'કબૂલાત' ને બદલે 'પુરાવા' શબ્દનો ઉપયોગ કર્યો છે.

૨૯. અહીં વધુમાં ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે આરોપી–અપીલકર્તાને ૨૫.૧.૨૦૦૨ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો અને તેણે ૯.૧૦.૨૦૦૨ના રોજ કબૂલાતનું નિવેદન આપ્યું હતું. તેથી, જ્યારે તેણે કબૂલાતનું નિવેદન આપ્યું, ત્યારે તે સ્વતંત્ર વ્યક્તિ હતો. વધુમાં, કલમ ૩૧૩ હેઠળના પોતાના નિવેદનમાં અથવા જિરહ દરમિયાન આરોપીએ એવો કોઈ સૂચન કર્યો નથી કે ફરિયાદપક્ષના સાહેદ–૬૫ દ્વારા કલમ ૧૬૪ હેઠળ નોંધાયેલ નિવેદન ખોટું હતું.

૩૦. ફરિયાદપક્ષના સાહેદ–૬૦–ડૉ. અનિલા કુમારીએ અદાલત બહારના સ્વીકારોક્તિના બનાવ (આંક પી–૪૮) ને સમર્થન આપ્યું છે, જેમાં ઈજાના ઈતિહાસનો ઉલ્લેખ નોંધાયેલો છે અને ઉપરોક્ત સ્વીકારોક્તિ પણ નોંધવામાં આવી છે. સ્વતંત્ર સાક્ષી ડૉ. અનિલા કુમારી દ્વારા કરવામાં આવેલ નિવેદનને નીચલી બંને અદાલતોએ સ્વીકાર્યું છે. તેમના મુખ્ય

પરીક્ષણમાં તેમણે જણાવ્યું છે કે, "મેં અલુવાના ડી.વાય.એસ.પી.ની વિનંતિ અનુસાર એન્ટનીની તપાસ કરી હતી. જે સમયે તે નિવેદન નોંધવામાં આવ્યું હતું તે સમયે ઉપરોક્ત ડી.વાય. એસ.પી. (ફરિયાદપક્ષના સાહેદ–૫૯) હાજર હતા તે દર્શાવવા માટે કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી. ડી.વાય.એસ.પી. (ફરિયાદપક્ષના સાહેદ–૫૯) એવું જણાવતા નથી કે તેઓ આરોપીને ડૉક્ટરના ઘરે સાથે લઈને ગયા હતા. બીજું એ કે, નોંધ પર એવી કોઈ સામગ્રી નથી તથા ફરિયાદપક્ષના સાહેદ–૬૦ને એવો કોઈ સૂચન પણ કરવામાં આવ્યો નથી કે જ્યારે તેમણે ઉપરોક્ત સ્વીકારોક્તિનું નિવેદન નોંધ્યું ત્યારે આરોપી–અપીલકર્તા સાથે કોઈ પોલીસ કર્મચારી હાજર હતો. તેથી, બચાવ પક્ષની આ ટીકા કે ઉપરોક્ત નિવેદન પોલીસ અધિકારીઓની હાજરીમાં નોંધાયેલ હોવાથી સ્વીકારવા યોગ્ય નથી, તે નોંધ પરની કોઈપણ સામગ્રી વિના કરવામાં આવેલી છે.

૩૧. ઉપરોક્ત નોંધાયેલ બાબતના સંબંધમાં અપીલકર્તાનો ખુલાસો નીચે મુજબ છે:

માત્ર શંકાના આધારે અને કહેવાતા પરિસ્થિતિજન્ય પુરાવા પર આધાર રાખીને, જે આવશ્યક ધોરણથી ઘણાં ઓછા પડે છે, તે હેતુસર મૃતકની હત્યા કરવામાં આવી હતી એવું માનવું શક્ય નથી. જો ફરિયાદપક્ષના

સાહેદ–૧, મેરી સની (ફરિયાદપક્ષના સાહેદ–૪૫) તથા તપાસ અધિકારીઓ ફરિયાદપક્ષના સાહેદ–૫૯ અને ફરિયાદપક્ષના સાહેદ–૭૭ના નિવેદનો વંચાણે લેવામાં આવ્યું છે. ફરિયાદપક્ષના સાહેદ–૧ કહે છે કે, ઘરની તપાસ કરતાં બચત બેંક જમા રસીદો રૂપિયા ૪૫ લાખની કિંમતની ઉપરાંત, અલમારીમાંથી ૫૫ સોવરિન કિંમતી સોનાના આભૂષણો મળી આવ્યા હતા અને તે ઓરડામાં એક બ્રીફકેસમાંથી રૂપિયા ૧.૫૦ લાખની કિંમતની ચલણી નોટો પણ મળી આવી હતી. વધુમાં, આગળના ઓરડામાં રૂપિયા ૪૫,૦૦૦/–ની કિંમતની ચલણી નોટો મળી આવી હતી અને અલમારીની અંદર રાખેલા સોનાના આભૂષણો પણ કબજે કરવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષના સાહેદ ૪૫, જે મૃત્યુ પામેલ ઑગસ્ટિનની બીજી બહેન છે, તે પણ આ બાબતની પુષ્ટિ કરે છે, જોકે તે કહે છે કે ૯૫ સોવરિન સોનાના આભૂષણો અને રૂપિયા ૨.૫ લાખની રોકડ મળી આવી હતી. તપાસ અધિકારીએ પણ એ જ અર્થમાં સાક્ષી આપી છે.

૩૨. આરોપીએ ગુનામાં પોતાની સંડોવણીનો ઇનકાર કર્યો હતો. ફરિયાદ પક્ષના સાક્ષીઓ, નામે, ફરિયાદપક્ષના સાહેદ ૧૪, ફરિયાદપક્ષના સાહેદ ૨૩, ફરિયાદપક્ષના સાહેદ ૨૪ ના પુરાવાથી જણાય છે કે આરોપી એક જાગૃત વ્યક્તિ હતો જેણે દેવાનો પરત ચૂકવ્યા હતા અને ઑગસ્ટિન દ્વારા

૬.૧.૨૦૦૧ ના રોજ આપવામાં આવેલ રૂપિયા ૩૫ ૦૦૦/– માંથી તેણે ફરિયાદપક્ષના સાહેદ ૨૩ અને ફરિયાદપક્ષના સાહેદ ૨૪ ને ચુકવણી કરી હતી. જો રૂપિયા હેતુ હોત, તો આરોપી રોકડ અને દાગીના લઈને ફરાર થઈ ગયો હોત અને આવી વ્યક્તિ ફરિયાદપક્ષના સાહેદ ૨૩ અને ૨૪ ને ધિરાણ પરત ચૂકવે એટલી જાગૃત ન હોત, તેમજ ફરિયાદપક્ષના સાહેદ ૨૩ ને એવું વચન પણ ન આપ્યું હોત કે તે રૂપિયા ૩૦૦૦/– ની બાકીની રકમ વ્યાજ સહિત ચૂકવી દેશે અને ફરિયાદપક્ષના સાહેદ ૨૩ પાસે મૂકાયેલ હસ્તાક્ષરિત સ્ટામ્પ પેપર અને ખાલી ચેક પણ પરત ન લે.

૩૩. ઉપરોક્ત સ્થિતિ હોય, અપીલ ગુણદોષવિહોણી છે અને તેથી તે નામંજૂર થવા પાત્ર છે, એવો અમે આદેશ કરીએ છીએ.

અપીલ નામંજૂર કરવામાં આવી.

*The translation of this judgment has been provided by M/s. Hyperlink E-Solution Private Limited.*

=================================================

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

***DISCLAIMER:*** *The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.*